પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૧૦-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૬૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# દિલ્હીમાં સીજેપીની તિરંગા યાત્રા પૂર્વે સેન્ટ્રલ પાર્ક સીલ

## કોનોટ પ્લેસ ક્ષેત્રમાં કલમ ૧૬૩ લાગુ, ડ્રોનથી નજર: કોકરોચ નેતાઓની કોઈ પણ સમયે ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૬

દેશના મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારની બરતરફી તથા SIR પ્રક્રિયામાં સુધાર સહિતની માંગણી સાથે આજે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન પુર્વે જ હવે દિલ્હીના અતિ વ્યસ્ત કોનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કના 'તિરંગા-યાત્રા'ને રોકવા ૨૫૦૦૦થી વધુ અર્ધલશ્કરી દળો પોલીસ જવાનોને ખડકી દેવાયા છે.એક તરફ દિલ્હી પોલીસે આજ તથા કાલ માટે આ ક્ષેત્રમાં કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે તથા લોકોને સેન્ટ્રલ પાર્ક નહી આપવા અપીલ કરી છે તો બીજી તરફ અહી કિલ્લેબંધી કરી છે તથા સીસીટીવી પણ ગોઠવીને તથા ડ્રોનથી પરીસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીમાં લહેરા-દો-તિરંગાનું આહવાન આપ્યુ છે પણ બપોરે ત્રણ વાગ્યે યોજાનારી આ યાત્રાને સફળ નહી થવા દેવા સરકારે તમામ તાકાત કામે લગાડી છે. બીજી બાજુ મુંબઈ-બેંગ્લોર સહિતના મહાનગરોમાં પણ કોકરોચ જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તિરંગા યાત્રા યોજે તેવા સંકેત છે.આ પક્ષના વડા અભિજીત દિપકેએ આરોપ મુકયો કે તેઓ ધરપકડથી ડરતા નથી. જ્ઞાનેશકુમારને બચાવવાનો ખેલ ચાલી રહ્યો છે.

અનુસંધાન પાના ૭ પર



## અભિજીતનું નિવેદનઃ સીજેપીની લડત સત્તા પરિવર્તન માટે નથી

નવી દિલ્હી, તા. ૧૬

પાટનગરમાં મુખ્ય ચુંટણી કમિશ્નર સામેના આંદોલનમાં હવે વિખ્યાત ધારાશી પ્રશાંત ભૂષણે આંદોલનનો હેતુ સતા પરિવર્તન હોવાનું જાહેર કરતા જ કોકરોચ જનતા પાર્ટીએ તેનાથી સલામત અંતર કર્યુ છે.સીજેપીના અભિજીત દિપક એ મોડીરાત્રીના એક પત્રકાર પરિષદને સંબોધન કરતા કહ્યું કે અમો કોઈ સતા પરિવર્તન કે સરકારને ઉથલાવવા માંગતા નથી. અમો ફકત જવાબદેહી માંગીએ છીએ. જ્ઞાનેશકુમારે ચુંટણીમાં હેરાફેરી કરી છે.

સુપ્રીમકોર્ટની મંજુરી વગર ફોર્મ નં.૬માં ફેરફાર કર્યા છે તેમાં અમો જવાબ માંગી રહ્યા છીએ. અમો કહીએ છીએ કે જ્ઞાનેશકુમારને હટાવવા જોઈએ. સરકાર કે સતા સાથે અમો કોઈ બદલાવ કે ઉથલાવવા માંગતા નથી. અમો એક નાગરિક તરીકે પ્રશ્ન ઉઠાવીએ છીએ.

## રાહુલ દેશના યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યાં છે : રાજનાથ સિંઘ

### વિપક્ષ દેશોમાં આતંકવાદીઓ પેદા કરવા માંગે છે : રક્ષામંત્રીની આકરી પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા. ૧૬

રક્ષામંત્રી રાજનાથ સિંહે શુક્રવારે કહ્યું- હાલના દિવસોમાં દિલ્હીમાં થયેલા પ્રદર્શનોએ અનેક સવાલો ઊભા કર્યા છે. કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓ બાંગ્લાદેશની જેમ દેશમાં બળજબરીથી સરકાર બદલવા માંગે છે. તેમનો એજન્ડા લોકતાંત્રિક સંસ્થાઓને ખતમ કરવાનો અને દેશમાં આતંકવાદીઓને પેદા કરવાનો છે.

રાજનાથ સિંહે કહ્યું- કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ત્રણ મોટા અને ક્યારેય ન ભૂલી શકાય એવા ગુનાઓ થયા છે- પહેલો, ૧૯૭૫માં દેશ પર ઈમરજન્સી લાદી, બીજો, ૧૯૮૫માં શીખોનો નરસંહાર અને ત્રીજો, ૧૯૯૦માં કાર સેવકો પર ગોળીઓ ચલાવનારાઓનો સાથ આપવો.

વિપક્ષનો એકમાત્ર એજન્ડા દેશમાં આગ લગાવવાનો- રાજનાથે કહ્યું- દેશના યુવાનોને અરાજકતાની રાજનીતિના મોહરા બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેઓ સરકારને ડંકો પીટીને પાડી દેવાની વાત કરે છે. આનાથી સ્પષ્ટ છે કે તેમનો એકમાત્ર એજન્ડા લોકતાંત્રિક સંસ્થાઓને ધ્વસ્ત કરવાનો અને દેશમાં આગ લગાવવાનો છે.

સત્તા મેળવવા માટે કાવતરું રચાઈ રહ્યું છે- રક્ષામંત્રીએ કહ્યું- 'ઈીક્ષૈદ્વી ઝરક્ર્હપ્ક્ષી' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવવો એ સ્પષ્ટ કરે છે કે તેમની લડાઈ ચૂંટણી સુધારાઓ માટે નથી. તેમની લડાઈ જૈંઇ અને જ્ઞાનેશ કુમાર માટે નથી અને ન તો તેમની લડાઈ દેશના યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે છે. તેના બદલે, આ લડાઈ દેશમાં અરાજકતા પેદા કરવાની અને કોઈપણ

અનુસંધાન પાના ૭ પર

## કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠનના પ્રમુખની દિલ્હીમાં ધરપકડ

### મહિલા કાર્યકરો સાથે પોલીસે મારપીટ કરી હોવાનો એનએસયુઆઈનો આરોપ

નવી દિલ્હી, તા. ૧૬

દિલ્હી પોલીસે NSUI અધ્યક્ષ વિનોદ જાખડ અને અનેક કાર્યકર્તાઓને કસ્ટડીમાં લીધા. તેઓ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનની બહાર પ્રદર્શન કરી રહ્યા હતા.કોંગ્રેસ સાથે જોડાયેલા વિદ્યાર્થી સંગઠન NSUIએ આરોપ લગાવ્યો કે ૧૦ ઑક્ટોબરના પ્રદર્શન દરમિયાન તેની મહિલા કાર્યકર્તાઓ સાથે મારપીટ કરવામાં આવી હતી. સંગઠને આરોપી મહિલા પોલીસ અધિકારી સામે FIR નોંધવાની માંગ કરી.NSUIના જણાવ્યા મુજબ, તેના સભ્યો આ જ માંગને લઈને ધરણા પર બેઠા હતા. સંગઠને કહ્યું કે બુધવારે એડિશનલ ઢઝ્રઁ સહિતના વરિષ્ઠ પોલીસ અધિકારીઓને મળવા છતાં ફરિયાદ પર FIR નોંધાઈ નહોતી.મીડિયા સાથે વાતચીત કરતા વિનોદ જાખડે આરોપ લગાવ્યા કે NSUIની મહિલા કાર્યકર્તાઓ સાથે મારપીટ કરવામાં આવી. તેમણે દાવો કર્યો કે કેટલાક કાર્યકર્તાઓને એક અંધારા રૂમમાં લઈ જવામાં આવ્યા.

અનુસંધાન પાના ૭ પર

## દિલ્હીના રામલીલા મેદાનમાં રાવણ સાથે કોકરોચ દહન



દિલ્હીના રામલીલા મેદાન પર યોજાતુ રાવણ દહન એ સૌથી વધુ આકર્ષણ ધરાવતો ઉત્સવ છે અને તેમાં રાષ્ટ્રપતિ - વડાપ્રધાન સહિતના મહાનુભાવો પણ સામેલ થઈ ગયા છે અને લાખોના ખર્ચ રાવણનું પુતળુ તૈયાર થાય છે. તેમાં આ વર્ષે રાવણદહન સાથે કોકરોચ દહન પણ થશે.આ આયોજનમાં હવે 'ભગવો' કબ્જો છે અને હવે દાવો કરાયો છે કે કોકરોચ (વંદા) દહન એ સ્વચ્છતાનો સંદેશ છે. એક તરફ કોકરોચ જનતા પાર્ટી દિલ્હીમાં એક બાદ એક સ્થળે દેખાવો ધરણા યોજી રહી છે તે સમયે અહી ૩૦ ફુટ ઉંચુ કોકરોચનુ પૂતળુ તૈયાર કરાયુ છે.રાવણ-કુંભકર્ણ અને મેઘનાથના પુતળા પાસે જે કોકરોચનું પણ પુતળું હશે.

## રશિયાના કામચટકા ખાતે ૭ની તીવ્રતા ધરાવતો ભૂકંપ

### શક્તિશાળી ભૂકંપ છતા જાનહાની ના કોઈ અહેવાલ નથી

નવી દિલ્હી, તા. ૧૬

રશિયાના કામચાટકામાં શુક્રવારે ૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC) અનુસાર, આ ભૂકંપ બપોરે ૩:૩૦ વાગ્યે આવ્યો હતો.ભૂકંપ ૧૫૨ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. હાલ ત્યાં સુનામીનો કોઈ ખતરો નથી.ગયા વર્ષે ૩૦ જુલાઈના રોજ રશિયાના કામચાટકા દ્વીપકલ્પના કિનારા નજીક ૮.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ૨૦૨૫નો સૌથી શક્તિશાળી ભૂકંપ હતો.

તેના પછી આવેલી સુનામીએ દરિયાકાંઠાના વિસ્તારોમાં તબાહી મચાવી હતી અને એક ગામનો કેટલોક ભાગ દરિયામાં વહી ગયો હતો.જાપાનની હવામાન એજન્સીએ શુક્રવારે ભૂલથી ૯.૯ની તીવ્રતાના ભૂકંપનું એલર્ટ જારી કરી દીધું હતું. આ ચેતવણી રશિયાના કામચાટકા દ્વીપકલ્પમાં ૭.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ જારી કરવામાં આવી હતી. જોકે, એજન્સીએ લગભગ ૧૨ મિનિટ બાદ તેને પાછું ખેંચી લીધું હતું.

જાપાન ટાઈમ્સ અનુસાર, એલર્ટ સ્થાનિક સમય મુજબ બપોરે

અનુસંધાન પાના ૭ પર

## સાઉદીના મોંઘા હથિયારો પર હૂથીઓના સસ્તા ડ્રોન ભારે

### ૧૫ લાખના ડ્રોનને રોકવામાં સાઉદી અરબને ૩૦ કરોડનો ખર્ચ

નવી દિલ્હી, તા. ૧૬

સાઉદી અરેબિયાએ પોતાની સુરક્ષા પર દાયકાઓથી અબજો ડૉલર ખર્ચ્યા છે. તેની પાસે આધુનિક ફાઈટર જેટ છે. મિસાઈલોને હવામાં જ નષ્ટ કરનારી મોંઘી સિસ્ટમો પણ છે. સૈન્ય ખર્ચના મામલે તે વિશ્વના ટોચના ૧૦ દેશોમાં સામેલ છે.

હૂતીઓ પાસે સાઉદી અરેબિયા જેવી મોટી સેના અને આધુનિક હથિયારો નથી. પરંતુ તેમણે સસ્તા ડ્રોન અને ઓછી ઊંચાઈએ ઉડતી ક્રૂઝ મિસાઈલોને પોતાની તાકાત બનાવી લીધી છે. આ હથિયારોને શોધવા અને હવામાં જ નષ્ટ કરવા મુશ્કેલ હોય છે.

સાઉદી અરેબિયા માટે હૂતીઓના સસ્તા ડ્રોનને રોકવું મોંઘું સાબિત થઈ રહ્યું છે. લગભગ ૧૫ લાખ રૂપિયાના એક ડ્રોનને નષ્ટ કરવા માટે ૨૫ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવો પડે છે. હૂતી બળવાખોરો તેનો લાભ ઉઠાવીને સાઉદી અરેબિયાની મોંઘી સુરક્ષા વ્યવસ્થા સામે પડકાર ઊભો કરી રહ્યા છે.યુક્રેન અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધોને કારણે સમગ્ર વિશ્વમાં મિસાઈલ ઈન્ટરસેપ્ટરની માગ વધી છે. આવી સ્થિતિમાં સાઉદી અરેબિયા માટે લાંબા સમય સુધી આ જ રીતે હુમલાઓને રોકતા રહેવું મુશ્કેલ બની શકે છે.હૂતીઓની તાકાત પણ પહેલાં જેવી રહી નથી. તેમણે પોતાના હથિયારોના ભંડારમાં વધારો કર્યો છે. હવે તેઓ કેટલાક હથિયારો જાતે પણ બનાવવા લાગ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના એક અહેવાલમાં તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે હવે હૂતીઓ ઈરાન પર નિર્ભર રહ્યા નથી.

સાઉદી અરેબિયાની એક મોટી નબળાઈ તેની રડાર સિસ્ટમ છે. દેશે પોતાની સુરક્ષા માટે પૂર્વ અને ઉત્તર-પૂર્વ વિસ્તારો પર વધુ ધ્યાન આપ્યું છે.આ દિશાઓથી ઈરાન અને ઈરાક તરફથી ખતરો માનવામાં આવતો રહ્યો છે. પરંતુ યમન દક્ષિણ-પશ્ચિમમાં છે. આ તરફથી થતા હુમલાઓને શોધવા અને રોકવાની વ્યવસ્થા એટલી મજબૂત નથી.હવાઈ હુમલાઓને રોકવા માટે સૌથી જરૂરી છે કે દુશ્મનના ડ્રોન અથવા મિસાઈલનો સમયસર પતો લાગી જાય. જો હુમલાની જાણ મોડી થાય, તો વળતી કાર્યવાહી માટે ઓછો સમય બચે છે.આવા સંજોગોમાં મોંઘી અને આધુનિક મિસાઈલો હોવા છતાં હુમલાને રોકવું મુશ્કેલ બની જાય છે.

સાઉદી અરેબિયાની મુશ્કેલી માત્ર ટેક્નોલોજી પૂરતી મર્યાદિત નથી. તેની સેનાનું માળખું અને કામ કરવાની રીત પણ પડકાર ઊભો કરે છે.

અનુસંધાન પાના ૭ પર

## ડિસેમ્બર મહિનામાં વડાપ્રધાન મોદી કેનેડાના પ્રવાસે જશે

### વ્યાપર અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર થશે ચર્ચા

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ અને ૧૨ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ કેનેડાના સત્તાવાર પ્રવાસે જશે. ઓટાવા સ્થિત ભારતીય હાઈકમિશન દ્વારા પોતાનાં અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ઉચ્ચસ્તરીય મુલાકાત અંગેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે.

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે અત્યંત સૌહાર્દપૂર્ણ ટેલિફોનિક વાર્તાલાપ થયો હતો, જેમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં જોવા મળી રહેલી સકારાત્મક ગતિને આગળ ધપાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બે દિવસીય મહત્વપૂર્ણ પ્રવાસ દરમિયાન દ્વિપક્ષીય વેપાર, સ્વચ્છ ઉર્જા, આધુનિક ટેકનોલોજી, સુરક્ષા અને બે દેશોના લોકો વચ્ચેના પારસ્પરિક સંબંધો જેવા મુખ્ય ક્ષેત્રોમાં નક્કર પરિણામો મેળવવા પર વિસ્તૃત ચર્ચા થશે.

આ સાથે જ બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને નવો વેગ આપવા માટે વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) પરની વાટાઘાટોને ઝડપથી પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ છે, જેથી વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાની શાળામાં ગોળીબારમાં ત્રણ બાળકો સહિત ચારનાં મોત

### હુમલામાં એક ૭ વર્ષનું બાળક અને આધેડ શિક્ષક ગંભીર રીતે ઘવાયા

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકાના ઓરેગન રાજ્યના બેન્ડ શહેરમાં ગુરુવારે એક શાળામાં ગોળીબાર થયો. તેમાં ૩ બાળકો સહિત ૪ લોકોનાં મોત થયાં.CNN અનુસાર, હુમલાખોરને એક સ્થાનિક નાગરિકે ગોળી મારી દીધી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું. હુમલાખોરની ઉંમર આશરે ૧૬ વર્ષ હતી.એજ્યુકેશન વીકના અહેવાલ અનુસાર, આ વર્ષે અમેરિકાની શાળાઓમાં ગોળીબારની ૨૫ ઘટનાઓ સામે આવી ચૂકી છે.

એસોસિએટેડ પ્રેસ (AP) મુજબ, માર્યા ગયેલા બાળકોની ઉંમર ૫, ૮ અને ૧૧ વર્ષ હતી. મૃતકોમાં એક શિક્ષકનો પણ સમાવેશ થાય છે. તેમના પરિવારોને જાણ કરી દેવામાં આવી છે.ગોળીબારમાં ઘાયલ થયેલા ૭ વર્ષના એક બાળક અને ૫૪ વર્ષના શિક્ષકને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસ પ્રમુખ માઈક ક્રાન્ટ્ઝે જણાવ્યું કે હુમલાખોર બૅન્ડનો રહેવાસી હતો. તેણે શાળાના બંધ દરવાજાઓ પર ગોળીબાર કરીને અંદર પ્રવેશવાનો રસ્તો બનાવ્યો હતો.

FBIના ડિરેક્ટર કાશ પટેલે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે એજન્સીની ટીમ ઘટનાસ્થળે હાજર છે. હાલમાં તપાસકર્તાઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે હુમલાખોર અગાઉ ક્યારેય આ શાળામાં ભણ્યો હતો કે નહીં.પોલીસે જણાવ્યું કે મામલાની તપાસ ચાલુ છે. આગામી દિવસોમાં ઘટનાને લગતી વધુ માહિતી જાહેર કરવામાં આવશે.રોયટર્સના અહેવાલ મુજબ, સિલ્વર

અનુસંધાન પાના ૭ પર

## સનદી અધિકારીઓએ મહિલા અધિકારીને ગંદી ગાળો ભાંડી

### વર્ચ્યુઅલ મીટિંગ વખતનો ધમકી આપતો વિડીયો વાયરલ

નવી દિલ્હી, તા. ૧૬

જમ્મુ-કાશ્મીરમાં એક IAS અધિકારી દ્વારા મહિલા અધિકારીને ગાળો આપવાનો વીડિયો સામે આવ્યો છે. વર્ચ્યુઅલ મીટિંગમાં IAS અધિકારી કુમાર રાજીવ રંજન મહિલા અધિકારી બેનિશ વાની પર બૂમો પાડતા અને તેમને સસ્પેન્ડ કરવાની સાથે નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપતા સંભળાઈ રહ્યા છે.

આ ઘટના મિશન યુવાની સમીક્ષા બેઠક દરમિયાન બની હતી. બેઠકમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM)ની ભૂમિકા અંગે ચર્ચા થઈ રહી હતી. તે સમયે રંજન જમ્મુ-કાશ્મીરના શ્રમ અને રોજગાર વિભાગમાં સચિવ પદે ફરજ બજાવતા હતા.

વીડિયોમાં રંજન બેનિશ વાનીને પોતાની વાત રજૂ કરતા વારંવાર રોકતા અને ચૂપ રહેવા કહેતા જોવા મળે છે. જ્યારે વાનીએ તેમની ભાષા અંગે સવાલ ઉઠાવ્યો, ત્યારે રંજને કહ્યું કે, "તું બહુ ખરાબ છે, હું તારી સાથે આવી રીતે જ વાત કરી શકું છું." ત્યારબાદ તેમણે કહ્યું કે, "હું તારો બોસ છું, મૂર્ખ."બેનિશે તેનો વિરોધ કરતાં કહ્યું કે તેઓ તેમની સાથે આ રીતે વાત કરી શકતા નથી.

અનુસંધાન પાના ૭ પર

## રાજસ્થાનમાં ભારે વરસાદ , હેમકુંડ, કેદારનાથ- બદરીનાથમાં હિમવર્ષા

### ઉત્તર પ્રદેશ બિહાર સહિત ત્રણ રાજ્યમાં ભારે વરસાદનું એલર્ટ

નવી દિલ્હી, તા. ૧૬

રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાન બદલાઈ ગયું છે. ગુરુવારે ૭થી વધુ જિલ્લાઓમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા. વરસાદ અને કરા પડવાથી તાપમાનમાં ૫ ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. આજે પણ ૭ જિલ્લાઓમાં વરસાદ અને કરા પડવાની ચેતવણી છે.ઉત્તરાખંડના ૮ જિલ્લાઓમાં આજે વરસાદની ચેતવણી છે. આ પહેલાં ગુરુવારે કેદારનાથ, ચોપતા, હેમકુંડ સાહિબ અને બદરીનાથના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. શુક્રવારે સવારે કેદારનાથમાં તાપમાન -૬ઝ અને બદરીનાથમાં -૫°C નોંધાયું હતું.બિહારમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય બાદ હવે પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ થઈ શકે છે. બીજી તરફ, ૧૭ અને ૧૮ ઑક્ટોબરે ઉત્તર બિહારના કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ થઈ શકે છે.યુપીમાં હવામાન વિભાગે આજે ૩૭ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જાહેર કરી છે. ઘણા વિસ્તારોમાં વીજળી પડવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. કાસગંજમાં વીજળી પડવાથી એક જ પરિવારના ૩ લોકોનાં મોત થયા છે.મધ્ય પ્રદેશના ઉપરના ભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. તેની અસરથી આગામી ૪ દિવસ સુધી ગ્વાલિયર, ચંબલ, ઉજ્જૈન, સાગર અને રીવા સંભાગમાં હવામાન બદલાયેલું રહેશે. શુક્રવારે ગ્વાલિયર, શ્યોપુર, ભિંડ, મોરેના અને શિવપુરીમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ છે.

# હર્ષ સંઘવીના હસ્તે જિલ્લા પંચાયતના ૮૬ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ




**આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિ: ગ્રામ્ય માર્ગો, આરોગ્ય સહિત જનસુવિધાઓને મળશે વેગ**

સુરત, તા.૧૬

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે અને આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સમીર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં આજે બપોરે ૩.૦૦ વાગ્યે જિલ્લા પંચાયતના પ્રાંગણમાં રૂ.૧૦૮ કરોડ ખર્ચના જિલ્લા પંચાયતના ૮૬ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. જેમાં ગ્રામ્ય સુવિધાઓમાં વધારો કરતા ૪૯ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને ૩૭ વિકાસકાર્યોનું લોકાર્પણ થશે. ખાસ કરીને ગ્રામ્ય શાળાઓ માટે ડિજીટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ' પહેલ હેઠળ જિલ્લા પંચાયત અને ટોયોટા કિર્લોસ્કર કંપની દ્વારા નિર્મિત 'ઈ-કક્ષા બસ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે. જેમાં મોબાઈલ કમ્પ્યુટર બસ દ્વારા જિલ્લાના પાંચ બ્લોકના વિદ્યાર્થીઓને કમ્પ્યુટર તાલીમ આપવાનું લક્ષ્ય છે. આ પહેલથી ગ્રામ્ય વિકાસ અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન મળશે.

**૪૯ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત**

પલસાણા, ઓલપાડ, બારડોલી, મહુવા, કામરેજ અને માંગરોળ તાલુકાઓમાં વિવિધ ગ્રામ્ય માર્ગોના બાંધકામ અને સુધારણાનાં કામોનું ખાતમુહૂર્ત કરાશે. જેમાં અંગલધરા કેનાલથી તડકેશ્વર મંદિર તરફનો માર્ગ, દિહેણ-સેલુત રોડ અને સેગવાછામા-સિથાણ-કુંકણી રોડ સહિતના માર્ગોનો સમાવેશ થાય છે. પાકા અને ટકાઉ માર્ગોથી ગ્રામજનોની અવરજવર સરળ બનશે, ખેડૂતોને કૃષિ પેદાશો બજાર સુધી પહોંચાડવામાં સુવિધા મળશે અને વિદ્યાર્થીઓ તેમજ દર્દીઓ માટે માર્ગ પરિવહન વધુ સરળ અને સુગમ બનશે.

**૩૭ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત**

કામરેજ તાલુકાના ખોલવડ ખાતે આયુર્વેદિક દવાખાનુ, માંડવી તાલુકાના સઠવાવ ખાતે પ્રા. આરોગ્ય કેન્દ્ર તથા માંગરોળ તાલુકામાં માંગરોળ-૧ અને હથોડા ખાતે પેટા આરોગ્ય કેન્દ્રો ખુલ્લા મૂકાશે. જેનાથી સ્થાનિક સ્થાનિક વસ્તીને આરોગ્ય સેવાઓ સુલભ બનશે. આરોગ્ય કેન્દ્રો દ્વારા ગર્ભવતી મહિલાઓની તપાસ અને સંભાળ, ઓપીડી, બિનચેપી રોગોની તપાસ અને સારવાર,

અનુસંધાન પાના ૭ પર

# સુરત પીપલ્સ કો.ઓ. બંકને વેરી લાર્જ બેંકનો સ્કોબાનો એવોર્ડ

**'ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.'નો દબદબો**




સુરત, તા.૧૬

દક્ષિણ ગુજરાતની અગ્રણી અને વિશ્વાસપાત્ર સહકારી બેંક 'ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.' એ સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેંક્સ એસોસિએશન (SCOBA) દ્વારા આયોજિત એવોર્ડ્સમાં 'વેરી લાર્જ બેંક' કેટેગરી (રૂ. ૨,૦૦૧ કરોડથી વધુનું કુલ બિઝનેસ ટર્નઓવર) માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શ્રેષ્ઠ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

બેંકે વિવિધ ક્ષેત્રોમાં પોતાની નાણાકીય મજબૂતાઈ અને ગ્રાહક સેવા પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવતા નીચે મુજબના એવોર્ડ્સ પ્રાપ્ત કર્યા છે: વિજેતા (Winner) – ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી (Financial Stability - સેક્ટર II): બેંકના મજબૂત બેલેન્સ શીટ, ઉત્કૃષ્ટ નાણાકીય સ્થિરતા અને પારદર્શક સંચાલન માટે આ શ્રેષ્ઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. રનર-અપ (Runner Up) – ટોટલ બિઝનેસ ગ્રોથ એન્ડ એક્સપાન્શન (Total Business Growth & Expansion - I): બેંકના ઝડપી વ્યવસાયિક વિકાસ અને શાખા વિસ્તરણ માટે આ સન્માન મળેલ છે. રનર-અપ (Runner Up) – પબ્લિક રિલેશન એન્ડ સોશિયલ એક્ટિવિટી (Public Relation & Social Activity - સેક્ટર IV): સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ, ગ્રાહક સંબંધો અને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા બદલ આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજમેન્ટ અને વહીવટી ટીમે બેંકના તમામ માનવંત ગ્રાહકો, શેરહોલ્ડરો અને સમર્પિત કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. બેંક ભવિષ્યમાં પણ આ જ રીતે નવીનતમ બેંકિંગ સેવાઓ અને નાણાકીય સુદ્રઢતા સાથે ગ્રાહકોની સેવામાં તત્પર રહેશે તેવી ખાતરી આપવામાં આવી છે.

# સુરત પીપલ્સ બેંકના ડિરેક્ટર્સ દ્વારા હિમાંશુ વ્યાસનું બહુમાન



**સબ સ્ટાફ હિમાંશુ વ્યાસને ઉત્કૃષ્ટ વ્યવસાયિક કામગીરી બદલ બિરદાવાયા**

સુરત, તા.૧૬

ધી સુરત પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિમિટેડના સબ સ્ટાફ કર્મચારી શ્રી હિમાંશુ વ્યાસે સપ્ટેમ્બર માસ દરમિયાન વિવિધ નાણાકીય ક્ષેત્રોમાં રેકોર્ડબ્રેક કામગીરી નોંધાવીને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની આ સરાહનીય સફળતા બદલ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તેમની ખાસ પ્રશંસા કરીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. શ્રી હિમાંશુ વ્યાસે સપ્ટેમ્બર મહિનામાં બેંકની વિવિધ પ્રોડક્ટ્સ જેવી કે લાઈફ ઈન્સ્યોરન્સ (LI), મ્યુચ્યુઅલ ફંડ (MF), ફિક્સ ડિપોઝિટ (FD) તેમજ નવા ખાતા ખોલવા (Account Opening) માં ઉત્સાહપૂર્વક ભાગ લઈ અસાધારણ બિઝનેસ મેળવ્યો છે. આ પ્રસંગે બેંક મેનેજમેન્ટ જણાવ્યુ હતું કે, "હિમાંશુ વ્યાસની નિષ્ઠા, મહેનત અને ગ્રાહકો સાથેનો સકારાત્મક સંપર્ક દર્શાવે છે કે જો દ્રઢ સંકલ્પ હોય તો પદ કે હોદ્દો ક્યારેય સીમારૂપ બનતો નથી. તેમણે સમગ્ર સ્ટાફ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે." બેંક પરિવાર અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સે શ્રી હિમાંશુ વ્યાસને તેમની આ ઉપલબ્ધિ બદલ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને ભવિષ્યમાં પણ આવી જ સફળતા મેળવતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

# ગરબા મહોત્સવાં મફત કાનૂની સહાય સેન્ટર ખુલ્યું

**ઉમરા પાર્ટી પ્લોટ પર ગરબા ઉત્સવમાં કાનૂની સત્તા મંડળની સેવા**



સુરત, તા.૧૬

નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, (નાલ્સા) ના આદેશ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ દ્વારા વખતોવખત આપેલ સુચનાઓ તથા સ્ટેટ પ્લાન ઓફ એક્શનમાં જણાવ્યા મુજબ લોકોમાં કાનૂની જાગૃતિ લાવવા માટે શહેર તથા ગ્રામ્ય કક્ષાએ યોજાનાર લોક મેળામાં કાનૂની જાગૃતતા લાવવા માટે આવા લોકમેળાઓમાં કાનૂની જાગૃતિ સ્ટોલ ઉભો કરવા સુચવેલ છે. જે સંદર્ભે નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટી (નાલ્સા) ની મફત કાનૂની સહાય યોજનાની માહિતીના પ્રસાર તથા પ્રચાર માટે હાલ સુરત મહાનગરપાલીકા આયોજીત, નવરાત્રી ફેસ્ટીવલ તા. ૧૩.૧૦.૨૦૨૬ થી ૨૦.૧૦.૨૦૨૬ સુધી, સ્થળ- SMC પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં કમિશનર કચેરીની બાજુની ગલી, સુરત. મુકામે ખુલ્લો મુકવામાં આવેલ છે આ સુરત મહાનગરપાલીકા આયોજીત મેળા માં આવનાર તમામ મુલાકાતીઓમાં કાનૂની જાગૃતતા લાવવા ડોમ નં. સ્ટોલ નં. ૧૪ ની ફાળવણી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત ને કરવામાં આવેલ છે.

# સ્કેટ ખાતે વિદ્યાર્થીઓએ જ વિદ્યાર્થીઓને શીખવ્યું GitHub!



સુરત, તા.૧૬

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET) ખાતે AI ક્લબ દ્વારા ૧૨ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ "Industry-Oriented GitHub Hands-On Wrokshop" યોજાયો. ખાસ વાત એ કે વર્કશોપનું આયોજન, સંકલન અને તાલીમ, બધું જ વિદ્યાર્થીઓએ સંભાળ્યું હતું.

વિદ્યાર્થી વક્તાઓ મલ્હાર બલાર અને ક્રિષ ખંભાતીએ સાથી વિદ્યાર્થીઓને Git અને GitHubનું પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું. આજના ટેક્નોલોજી ક્ષેત્રમાં માત્ર કોડ લખવો પૂરતો નથી; ફેરફારોનું સંચાલન, ટીમ સાથે સહયોગ અને પ્રોજેક્ટને ઑનલાઈન રજૂ કરવો પણ એટલું જ જરૂરી છે, આ જ વિચાર સાથે વર્કશોપ ગોઠવાયો હતો.

**વર્કશોપમાં શું શીખવાયું?** Commit, Branching અને Version Control GitHub Issues દ્વારા કાર્યોનું આયોજન Pull Requests અને Code Reviews Merge Conflictsનું નિરાકરણ વેબસાઈટ હોસ્ટિંગ દ્વારા પ્રોજેક્ટ્સ વિશ્વ સમક્ષ રજૂ કરવા આ અનુભવ વિદ્યાર્થીઓને હેકાથોન, ઓપન-સોર્સ યોગદાન, ઈન્ટર્નશિપ અને ભવિષ્યની કારકિર્દીમાં તો ઉપયોગી થશે જ, સાથે વ્યવસાયલક્ષી પોર્ટફોલિયો બનાવવામાં પણ મદદ કરશે. કાર્યક્રમ AI ક્લબનાં સલાહકારના માર્ગદર્શન અને IT વિભાગના વડાના સહયોગથી યોજાયો. ફેકલ્ટી કો-ઓર્ડિનેટર્સ પણ સંકલનમાં સહયોગ આપ્યો. SCET AI ક્લબનો અભિગમ સ્પષ્ટ છે: વિદ્યાર્થીઓ માત્ર શીખનારા નહી, પરંતુ પોતાનું જ્ઞાન વહેંચીને અન્યના વિકાસમાં પણ ભાગીદાર બને.

# તા.૨૧મીએ અંબાજી માતાની રથયાત્રા અંબાજી રોડથી નીકળશે

**સુરતની પ્રતિષ્ઠિત ૫૮મી અંબાજી યાત્રામાં જનમેદની ઉમટી પડશે**

સુરત, તા.૧૬

શહેરના ભાગળ સ્થિત પ્રસિદ્ધ માઁ અંબાજી પ્રાચીન મંદિર દ્વારા આ વર્ષે ૫૮ મી અંબાજી માતાની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા તા. ૨૧/૧૦/૨૦૨૬ ને બુધવારના રોજ બપોરે ૧:૦૦ કલાકે અંબાજી મંદિરથી પ્રસ્થાન કરશે. આ અંગે માહિતી આપતા મંદિરના ટ્રસ્ટી, ગાદીપતિ અને લોક લાડીલા યુવા મહંત મહર્ષિ વિપુલ અંબાજીવાલાએ જણાવ્યું હતું કે, માઁ અંબાજીની રથયાત્રા સુરતની સૌથી પ્રાચીન રથયાત્રાઓ પૈકીની એક છે. દર વર્ષે હજારો ભાવિકો આ રથયાત્રામાં જોડાઈ ધન્યતા અનુભવે છે.

**રથયાત્રાનો રૂટ** : અંબાજી મંદિરથી નીકળી ચોર્યાસી ડેરી, બડકેશ્વર મહાદેવ, ખાંડવાળાની શેરી, ભાગળ ચાર રસ્તા, રૂવાળા ટેકરા, ભવાની મંદિર, રામપુરા મેઈન રોડ, લીંબુ શેરી, નાગર શેરી, કંસારા શેરી, દાળિયા શેરી, ભૂત શેરી, કામનાથ મહાદેવ, મોતી શેરી, ગુંદી શેરી, લાલ દરવાજા, પીપળા શેરી, ખરાદી શેરી, રાજા ડેરી, ગલેમંડી મેઈન રોડ, છાપરીયા શેરી, પીરછડી રોડ, પારસી શેરી, ફરી ભાગળ ચાર રસ્તા, કબુતરખાના, લીમડા ચોક, જે.પી. બિસ્કીટ, લાલગેટ, નાણાવટ, લાલગેટ પોલીસ સ્ટેશન, ચોકબજાર મેઈન રોડ, એ.વન કોકોની ગલી, એની બેસન્ટ હોલ, ચાંદલા ગલી, ગણપતિ મંદિર, સુરત ખમણ, હવાડીયા ચકલા, ભટ્ટ હોસ્પીટલ, બાલાજી ગર્લ્સ સ્કુલ, ખરવર શેરી, હનુમાન શેરી, છીપવાડ થઈ હવાડીયા ચકલાથી પરત અંબાજી મંદિરે પૂર્ણ થશે. રથયાત્રાના માર્ગમાં અનેક સ્થળોએ માતાજીની આરતી, પ્રસાદ વિતરણ અને સ્વાગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ ભાવિક ભક્તોને દર્શનનો લાભ લેવા અને રથયાત્રામાં જોડાવા હાર્દિક આમંત્રણ છે.



# સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવાર દ્વારા નવરાત્રીની ઉજવણી કરાઈ

સુરત, તા.૧૬

સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારના રંગારંગ કાર્યક્રમમાં ની શરૂઆતમાં શંખ ધ્વનિ શ્રી ભરતભાઈ શાહ એ કરી પ્રાર્થના શ્રીમતી હર્ષાબેન માંજરાવાળા એ કરી કાર્યક્રમનો સંચાલન શ્રી વર્ષાબેન ચોખાવાળા કર્યું સ્વાગત પ્રવચન ઉપ પ્રમુખ શીલાબેન ભૂતવાળા એ કર્યું સ્વચ્છતા પ્રતિજ્ઞા શ્રી પંકજભાઈ મંજરાવાળા કરાવી આખા કાર્યક્રમની ફોટોગ્રાફી વિડીયોગ્રાફી શ્રી ભરતભાઈ શાહ એ કરી નવરાત્રી નિમિત્ત ના કાર્યક્રમમાં હાજર તમામ સભ્યોને રંગીન દાંડિયા ની ભેટ આપવામાં આવી. ગરબે ઘૂમતા સિનિયર સિટીઝનો ના પૈકી નિર્ણાયક શ્રી નિશી જીગર શાહ દ્વારા જાહેર કરેલ જુદા જુદાં ગ્રુપ પૈકી આઠ સિનિયર સિટીઝનો ને વિજેતા થવા બદલ વિશેષ ભેટ આપવામાં આવી. જે સભ્યો ની માસ દરમિયાન વર્ષગાંઠ હતી તેવા તમામ સભ્યોને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી. રંગારંગ સંગીતમય કાર્યક્રમના અંતે આભાર વિધિ મનીષાબેન કાબરાવાલા એ કરી કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું.

# શ્રી માર્કંડેય ક્રેડીટ સોસાયટીના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

**જીગ્નેશભાઈ પાટીલના હસ્તે કચેરીનું લોકાર્પણ**



સુરત, તા.૧૬

શ્રી માર્કંડેય અર્બન કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ના કાર્યાલયનું લિંબાયત અંબાનગર ખાતેથી પર્વત ગામમાં આવેલા સિલિકોન ફ્લેટ સુરત ખાતે સ્થળાંતર થયો હતો તે નવી કાર્યાલય નું ઉદઘાટન યુથ ફોર ગુજરાત તેમજ ગુજરાત ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ મહોદય તેમજ યુવા આગેવાન શ્રી જીગ્નેશભાઈ પાટીલ તેમજ શ્રી શ્રમદીપ અર્બન ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડના મંત્રી શ્રી જીવરાજભાઈ ગોધાણી ના અતિથિ વિશેષ પદે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી જીગ્નેશભાઈ અને જીવરાજભાઈએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે તેલુગુ સમાજના અગ્રણી સ્વર્ગીય શ્રી મલ્લેશભાઈ અરકાલજીએ વર્ષ ૧૯૯૫ માં લિંબાયતમાં સ્થાપના કરેલી. શ્રી માર્કંડેય અર્બન કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી

અનુસંધાન પાના ૭ પર



# સ્મીમેરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે રક્તદાન અને નેત્રદાન કેમ્પ

સુરત, તા.૧૬

માનવસેવાની ઉત્તમ પરંપરાને જાળવી રાખીને છેલ્લાં ૨૫ વર્ષથી આરોગ્ય ક્ષેત્રે કાર્યરત સ્મીમેર દ્વારા પોતાની સ્થાપનાના રજત જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૧૨/૧૦/૨૦૨૬ થી ૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન એક ખાસ આરોગ્ય જાગૃતિ સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે તા.૧૫/૧૦/૨૦૨૬ ના રોજ "રક્તદાન અને નેત્રદાન જાગૃતિ" તથા "બોન ડેન્સિટી (હાડકાંની મજબૂતાઈ) ની તપાસ" વિષય પર વિશેષ નિઃશુલ્ક નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત હોસ્પિટલ પરિસરમાં જનજાગૃતિ અને સેવા સાથે જોડાયેલા વિશેષ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા જેની રૂપરેખા નીચે મુજબ છે. રક્તદાન કેમ્પ: "રક્તદાન એ જ મહાદાન"ના સૂત્ર સાથે યોજાયેલા કેમ્પમાં હોસ્પિટલ સ્ટાફ, યુવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ દિવસે કુલ ૨૦ યુનીટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

ચક્ષુદાન જાગૃતિ અભિયાન: અંધત્વ મુક્ત સમાજના નિર્માણ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં ૪૦ નાગરીકોએ મરણોત્તર નેત્રદાન માટેના સંકલ્પ પત્રો ભર્યા હતા. તબીબો દ્વારા નેત્રદાન વિશેની ગેરસમજો દૂર કરી સરળ ભાષામાં તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.બોન ડેન્સિટી (હાડકાંની

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર ઓએનજીસી કોલોની ખાતે રાવણ દહન કાર્યક્રમ યોજાશે

**સુવર્ણ જયંતી વર્ષે રાવણ દહનના ઐતિહાસિક અને અલૌકિક ઉત્સવનું આયોજન**



અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર ઓએનજીસી કોલોની મેદાન ખાતે આ વર્ષે ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ઓએનજીસી રામલીલા સમિતિ દ્વારા દાયકાઓથી અવિરતપણે ચાલી આવતી આ ભવ્ય પરંપરા પોતાના ગૌરવવંતા ૫૦ વર્ષ પૂર્ણ કરી સુવર્ણ જયંતી એટલે કે ગોલ્ડન જ્યુબલી મનાવી રહી છે.

અધર્મ પર ધર્મ અને અસત્ય પર સત્યના વિજયના પાવન પર્વ વિજયાદશમી નિમિત્તે ગુજરાતના સૌથી મોટા અને ભવ્ય આયોજનોમાં સ્થાન ધરાવતા અંકલેશ્વર ઓએનજીસી કોલોની મેદાન ખાતે આ વર્ષે ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ઓએનજીસી રામલીલા સમિતિ દ્વારા દાયકાઓથી અવિરતપણે ચાલી આવતી આ ભવ્ય પરંપરા આજે પોતાના ગૌરવવંતા ૫૦ વર્ષ પૂર્ણ કરી સુવર્ણ જયંતી એટલે કે ગોલ્ડન જ્યુબલી મનાવી રહી છે. આ સુવર્ણ અવસરને લઈને સમગ્ર ઓએનજીસી કોલોની અને આસપાસના વિસ્તારમાં ઉત્સાહ અને થનગનાટનો માહોલ જોવા મળી રહ્યો છે.આ પ્રસંગે ઓએનજીસીના એસેટ મેનેજર આર.રવિકુમાર,રામલીલા સમિતિના પ્રમુખ રાજેશકુમાર,સેક્રેટરી અનિલ

અનુસંધાન પાના ૭ પર

તંત્રી લેખ...

શુક્રવાર, તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬

## કાનૂન ભંગમાં તિરંગાની ઢાલ?

'વોટચોરી' અને જ્ઞાનેશકુમાર, વડાપ્રધાન મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને મોહન ભાગવતનાં રાજીનામાંની માગણી થયા પછી હવે આંદોલનનો વિષય બદલાયો છે અને કેન્દ્ર પણ બદલાયું છે. જંતરમંતરમાં પ્રવેશબંધી અને ભારતીય રાષ્ટ્રધ્વજ- તિરંગાનાં નામે વિવાદ જગાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કાનૂન-પ્રવેશબંધીનો ભંગ કરવા બદલ કોકરોચ પાર્ટીના ત્રણ નેતાને પકડવામાં આવ્યા અને પાંચ દિવસ અટકાયતમાં રાખવાનો હુકમ થયો પછી આંદોલનને નવો વળાંક આપવા માટે કારણ - બહાનું મળ્યું છે - હાથમાં તિરંગો લેવાય તો તે ગુનો છે? અભિજિત દીપકેએ આજે શુક્રવારે દેશભરમાં 'ઝંડા દિવસ' પાળવાની હાલક કરી છે : આંદોલનનાં કેન્દ્રમાં રાષ્ટ્રધ્વજ લાવીને લોકોનું સમર્થન મેળવવાનો પ્રયાસ છે, રાજકીય વર્તુળોમાં તો એવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે, આ વખતે કોકરોચને ધારી સફળતા મળી નહીં અને રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ ઉપર વિશાળ મોરચો લઈ ગયા તેથી કોકરોચના 'જનક' અરવિંદ કેજરીવાલ ચોંકી ગયા અને હાથમાં તિરંગો આવી ગયો છે. ગમે તેમ પણ વિરોધ આંદોલનની શતરંજમાં હવે નવી ચાલ શરૂ થઈ છે! અત્યાર સુધી રાહુલ ગાંધી કોકરોચથી અલગ - દૂર રહેતા હતા, હવે પ્રેમ ઊભરાઈ ગયો છે. તિરંગો હાથમાં હોય, તો ધરપકડ કેમ થઈ? કોકરોચે પ્રવેશબંધીનો - કાનૂનનો ભંગ કર્યો એટલે પકડાયા કે તિરંગો હાથમાં હોવાના કારણે પકડાયા? વાસ્તવમાં આ ઘટના ચોરી - ઉપર સીનાજોરી જેવી છે? તિરંગાનો ઉપયોગ 'ઢાલ' તરીકે થાય તે રાષ્ટ્રધ્વજનું અપમાન નથી?, પણ અભિજિત દીપકે આંદોલન માટે લોકોનો ટેકો મેળવવા માગે છે. વોટચોરીથી આ મુદ્દો વધુ અસરકારક છે! અરવિંદ કેજરીવાલ અને રાહુલ ગાંધી રાજકીય શતરંજના ખેલાડી છે! અત્યારે તો રાહુલ ગાંધીની 'ચાય પાર્ટી'માં અભિજિત હાજર રહ્યા અને 'મૈત્રી કરાર' થયા હોય એમ લાગે છે. હવે આજે રાહુલ ગાંધી 'ઝંડા દિવસ'માં અભિજિતની શક્તિનું પ્રદર્શન જોઈને પછી દેખાવોમાં જોડાશે. ઈન્ડિ મોરચાના કેટલા પક્ષો જોડાય છે તે પણ જોવાનું છે. યૂથ કોંગ્રેસને તો આશા હતી કે, જંતરમંતરની પ્રવેશબંધીના વિરોધ પ્રદર્શનમાં રાહુલજી જોડાશે, પણ રાહુલજી તો ડેલીએ હાથ દઈને ચાલ્યા ગયા હતા. બીજી બાજુ - વોટચોરીવાળા ઢીલા પડી રહ્યા હોય એવી છાપ અને હવા છે તેથી ભારતીય જનતા પાર્ટી જનજાગૃતિ અભિયાન શરૂ કરે એવી શક્યતા છે. સંસદનું સત્ર બોલાવીને ચર્ચા કરવાનું આહ્વાન કરે તો પણ નવાઈ નહીં. દરમિયાન - સુપ્રીમ કોર્ટમાં દિલ્હીની મતદારયાદીની કાપકૂપ - સુધારા સામે ફરિયાદ થઈ છે, તેની સુનાવણી ૩૦મી ઓક્ટોબરથી શરૂ થનારી હતી, પણ હવે ૨૮મીથી શરૂ થશે. શક્ય છે કે, કોર્ટ વચગાળાનો કોઈ આદેશ આપે. આ વિવાદ અને આંદોલનનો અંત જલદી આવે એમ લોકો ઈચ્છતા જ હશે.

## ભારતીય નાવિકો સામે જોખમ

અંતહિન જણાતા મધ્યપૂર્વના જંગમાં આર્થિક અને માનવી ખુવારી પણ ચિંતાજનક બની ગઈ છે. દરિયાઈ માર્ગો પર વિસ્તરી રહેલા સંઘર્ષના લોહિયાળ ઓળામાં ભારત સહિતના દેશોના નિર્દોષ નાગરિકોના જીવન પર જોખમ વધી રહ્યંઅ છે. અત્યાર સુધી ૧૬ જેટલા ભારતીય નાવિકના જીવ ગયા છે અને સંખ્યાબંધ ઘવાયા પણ છે. આવામાં હવે સવાલ એ છે કે, દરિયાઈ માર્ગો અને પરિવહન વ્યવસ્થાની સલામતી માટેના આંતરરાષ્ટ્રીય કાયદાના પાલન માટે કોઈ જવાબદારી શા માટે લેતું નથી ? આમ તો દરેક બાબત માટે વૈશ્વિક સ્તરના કાયદા અસ્તિત્વમાં છે, પણ તેના અમલ માટે કોઈ વ્યવસ્થા ન હોય તેવી ચિંતાજનક સ્થિતિ સામે આવી ચૂકી છે. વળી દરેક દેશની સરકારની જવાબદારી હોય છે કે, તે પોતાના નાગરિકોની સલામતી માટે સક્રિય પગલાં લે. ભારત સરકાર સામે પણ આ જવાબદારી વહન કરવાનો સમય આવ્યો છે. માત્ર ચિંતા વ્યક્ત કરીને પોતાની જવાબદારી અદા કરવાનો સંતોષ માનવાથી વિશેષ રીતે હવે ભારત સરકારે આ માટે જવાબદાર રાષ્ટ્રો અને એજન્સીઓને વૈશ્વિક નિયમોના પાલનની અનિવાર્યતા ગળે ઉતારવા કડક વિરોધ અને રજૂઆત પર ધ્યાન કેન્દ્રીત કરવાની હવે ખાસ જરૂરત છે. આજના આધુનિક સમયમાં એક તરફ મધ્યપૂર્વના દેશોમાં ભારતીયોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી રહી છે, તેની સાથોસાથ દરિયાઈ પરિવહનમાં ભારતીય કર્મીઓની સંખ્યા હવે વિશ્વના ટોચના દેશોની સમાન બની રહી છે. હાલત એવી છે કે, દુનિયાના લગભગ દરિયાઈ માલવાહક જહાજોમાં ભારતીય નાવિક તરીકે ફરજ બજાવતા હોવાનું સામે આવી ચૂક્યું છે. આવામાં આ આરબ દેશોમાં થતા હુમલા અને દરિયાઈ પરિવહનની ઉપર વધી રહેલા જોખમે ભારતીયોની સલામતી સામે ગંભીર સવાલ ખડા કર્યા છે. આમ તો ઈરાન અને અમેરિકા વચ્ચેનો જંગ વકર્યો છે, ત્યારથી હોર્મુઝની ખાડીમાં અટવાયેલા જહાજોમાંથી ભારતીય નાવિકોને હેમખેમ બહાર કાઢવા ભારતીય એજન્સીઓ સક્રિય પગલાં લઈ રહી છે. સરકારે એવો દાવો પણ કર્યો છે કે, અત્યાર સુધી ચાર હજારથી વધુ ભારતીય નાવિકને સલામત રીતે પરત લવાયા છે. જો કે, આ જળ વિસ્તારમાં આવન-જાવન કરતા જહાજોમાં ભારતીય નાવિકોની સંખ્યા હજી યથાવત્ રહી છે. વળી આ જહાજો પર હુમલા પણ થતા રહે છે, જેને લીધે જોખમ પણ સતત વધતું રહે છે. આમ તો એવા વૈશ્વિક કાયદા છે કે, જંગના સમયે સંબંધિત પક્ષોએ સૈનિકો અને નિર્દોષ લોકો વચ્ચેના ફરકને સમજીને લશ્કરી કાર્યવાહી કરવી જોઈએ, પણ કમભાગ્યે આવા કાયદાના અમલની જવાબદારી ધરાવતા સંયુક્ત રાષ્ટ્રસંઘની પોતાની નબળાઈને લીધે હુમલાઓમાં સામાન્ય નાગરિકોની ખુવારી વણથંભી રહી છે. ભારતે હવે આ મામલે યુએન સહિતના વૈશ્વિક મંચોને સામાન્ય નાગરિકોની સલમતી માટે ફરી જાગૃત કરવા માટે અસરકારક રજૂઆતનો માર્ગ લેવામાં અગ્રેસર થવું જોઈએ.

**સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો મહત્ત્વનો છે કેમ કે તેના કારણે ઓબીસીમાંથી કોઈ ધર્માંતરણ કરે તો શું થાય તે અંગે સ્પષ્ટતા થઈ ગઈ**

# ધર્માંતરણ કરનારાનો અનામત પર કોઈ અધિકાર નથી

## મોટા ભાગનું ધર્માંતરણ દલિત અને આદિવાસી સમુદાયમાંથી થાય છે

ભારતમાં ધર્માંતરણ કરનારાને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામત મળવી જોઈએ કે નહીં એ મુદ્દે ચર્ચા ચાલ્યા કરે છે ત્યારે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે કે, ધર્માંતરણ કરનારી વ્યક્તિ પહેલાં હિંદુ હોવાના આધાર પર અનામતનો લાભ ના લઈ શકે. મતલબ કે, ધર્મ બદલીને હિંદુ મટ્યા એટલે અનામતનો લાભ પણ છોડી દેવો પડે. તમિળનાડુ સરકારે હિંદુમાંથી મુસલમાન બનનારાને પણ અનામતનો લાભ આપવાનો ફતવો બહાર પાડેલો પણ સુપ્રીમ કોર્ટે આ ફતવાની ભૂંગળી કરી નાખી છે.

આ ચુકાદો બહુ મોટો છે કેમ કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, અનુસૂચિત જનજાતિ (એસટી) સિવાયના કેસોમાં માત્ર હિંદુઓને જ અનામતનો અધિકાર છે. અનુસૂચિત જાતિ કે પછી બીજા કોઈ પણ પ્રકારના હિંદુ ધર્મનાં લોકો જ અનામતનો અધિકાર ધરાવે છે. સુપ્રીમ કોર્ટે એ પણ સાફ શબ્દોમાં કહ્યું છે કે ઈસ્લામ ધર્મ સ્વીકારનાર વ્યક્તિ ધર્માંતરણ પહેલાં હિંદુ હોવાના આધારે પછાત વર્ગને અપાતી અનામતનો હકદાર નથી. આ ચુકાદા દ્વારા સુપ્રીમ કોર્ટે વટલાઈને મુસ્લિમ બનનારાને પણ અનામત આપવાનાતમિળનાડુ સરકારના જાહેરનામાને રદ કરી દીધું છે. તમિળનાડુમાં આ પહેલાં એમ.કે. સ્ટાલિનની ડીએમકે સરકાર હતી ત્યારે ૨૦૨૪માં આ ફતવો બહાર પડાયેલો.

સ્ટાલિનની સરકારે એવું જાહેરનામું બહાર પાડેલું કે, પછાત વર્ગો, સૌથી પછાત વર્ગો, અનિર્દિષ્ટ સમુદાયો અથવા અનુસૂચિત જાતિની કોઈ વ્યક્તિ હિંદુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ સ્વીકારે તો પણ તેનો પછાત વર્ગની વ્યક્તિ તરીકેનો અધિકાર ના છિનવાય. સ્ટાલિનની સરકારે આ વટલાયેલા હિંદુઓને પછાત વર્ગ (મુસ્લિમ) ગણવાનું નવું તૂત શરૂ કરેલું. સ્ટાલિન સરકારે ધર્માંતરણ કરવા છતાં અનામતનો લાભ ચાલુ રહે એવી સાત કેટેગરી બનાવેલી ને તેનાં પ્રમાણપત્ર આપીને અનામતનો લાભ અપાતો હતો. આ ફતવાને હાઈ કોર્ટમાં પડકારવામાં આવેલો. મદ્રાસ હાઈ કોર્ટે સ્ટાલિન સરકારના ફતવાને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધેલો. તમિળનાડુની સરકારે હાઈ કોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારેલો પણ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને શ્રી ચંદ્રશેખરની બેન્ચે હાઈ કોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો છે. તમિળનાડુ સરકારે દલીલ કરેલી કે, કોઈ વ્યક્તિ માત્ર ધર્મ પરિવર્તન કરે તેના કારણે પછાતમાંથી સધ્ધર ના થઈ જાય તેથી ધર્મ પરિવર્તન કરવા છતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકોને અનામતનો લાભ મળવો જ જોઈએ પણ સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી નથી કેમ કે ભારતનું બંધારણ ધર્મના આધારે અનામત નથી આપતું. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, બંધારણની કલમ ૧૬(૪) હેઠળ ભારતીય સામાજિક વ્યવસ્થામાં હિંદુઓને જ અનામતનો કાનૂની લાભ મળે છે તેથી હિંદુ હોય ત્યાં સુધી આ લાભ ચાલુ રહે પણ બીજો ધર્મ સ્વીકારો એટલે આ લાભ જતો કરવો પડે.

સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો મહત્ત્વનો છે કેમ કે તેના કારણે ઓબીસીમાંથી કોઈ ધર્માંતરણ કરે તો શું થાય તે અંગે સ્પષ્ટતા થઈ ગઈ છે. ભૂતકાળમાં પણ એવા ચુકાદા આવ્યા જ છે કે, અનામતનો લાભ માત્ર ને માત્ર હિંદુઓના દલિતોને જ મળી શકે ને બીજા કોઈને ના મળી શકે પણ ઓબીસી વિશે આવી કોઈ સ્પષ્ટતા નહોતી. તમિળનાડુ સરકારે ધર્માંતરણ કરનારાને પણ અનામતનો લાભ મળવા અંગેનો જે ફતવો બહાર પાડ્યો તેમાં કેટલીક ઓબીસી જ્ઞાતિને પણ સમાવી લીધી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી દીધી છે કે, ઓબીસીમાંથી કોઈ ધર્માંતરણ કરે તો તેમને પણ અનામતનો લાભ મળે નહીં. અન્ય પછાત વર્ગ એટલે કે ઓબીસી માટેની અનામતમાં હિંદુ સિવાયની ધર્મની જ્ઞાતિઓ પણ છે. આ જ્ઞાતિઓને આ ચુકાદાથી કોઈ ફરક પડવાનો નથી પણ આ હિંદુઓએ ધર્માંતરણ કર્યું તો તેમને લાભ નહીં મળે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો બીજી રીતે પણ મહત્ત્વનો છે. તમિળનાડુ સરકારે મતબેંકના ગંદા રાજકારણને વાસ્તે નવો ચિલો ચાતરવાની કોશિશ કરેલી. સુપ્રીમ કોર્ટે તમિળનાડુ સરકારના ફતવાને માન્યતા આપી હોત તો બીજાં રાજ્યોમાં પણ ધર્માંતરણનો વાવર ચાલુ થઈ ગયો હોત કેમ કે ધર્માંતરણના કારણે મળતા અનામતના લાભો નહીં મળે એવો ડર નીકળી ગયો હોત. અત્યારે ઓબીસીમાંથી ભાગ્યે જ કોઈ ધર્માંતરણ કરે છે.

મોટા ભાગનું ધર્માંતરણ દલિત અને આદિવાસી સમુદાયમાંથી થાય છે પણ ધર્માંતરણ કરનારાને પણ અનામતનો લાભ મળે તો ઓબીસીમાંથી પણ ધર્માંતરણ ચાલુ થઈ જાય. ઓબીસીમાં નીચલી મનાતી જ્ઞાતિઓ ધર્માંતરણ કરવા માંડે કેમ કે ધર્માંતરણ કરાવનારા જાત જાતની લાલચો આપે છે. સુપ્રીમ કોર્ટે એ શક્યતા નાબૂદ કરી છે અને હિંદુઓ પર બહુ મોટો ઉપકાર કર્યો છે. અનામતની લાલચમાં ને લાલચમાં પણ બહુ મોટો વર્ગ હિંદ સમાજને છોડીને નહીં જાય અને તેનો હિસ્સો બની રહેશે. સુપ્રીમ કોર્ટે તો બંધારણીય જોગવાઈઓને આધારે ચુકાદો આપ્યો ને સાબિત કર્યું કે, સુપ્રીમ કોર્ટ મહદઅંશે બંધારણને વફાદાર છે પણ આપણા રાજકારણીઓ બંધારણને વફાદાર છે ખરા એ સવાલ આ કેસે ઊભો કર્યો છે. રાજકારણીઓને બંધારણીય જોગવાઈઓની ખબર ના હોય એવું નથી પણ એ લોકો મતબેંકની લહાયમાં બંધારણને કોરાણે મૂકીને પોતાને ફાવે એવાં તૂત ઊભાં કરી દે છે એ આ કેસનો બોધપાઠ છે. ભારતમાં અનામતની વ્યવસ્થા વિકાસથી વંચિત રહી ગયેલા સમાજના નીચલા અને પછાત વર્ગને સમાન તક આપવા માટે કરાયેલી પણ કમનસીબે અનામત રાજકારણનો તથા મતબેંકનો મુદ્દો બનીને રહી ગયો છે. રાજકારણીઓ અનામતનો ઉપયોગ પોતાનો સ્વાર્થ સાધવા માટે કરે છે અને લોકોને એકબીજા સામે લડાવે છે. તેના કારણે પછાત જ્ઞાતિઓ તો હજુ ત્યાંની ત્યાં જ છે પણ સમાજમાં જ્ઞાતિવાદના કારણે પરસ્પર વેરઝેર વધી ગયાં છે. આપણા રાજકારણીઓને આ વેરઝેર અને વિભાજનથી સંતોષ નથી એટલે ધર્મના નામે અનામત આપવાના ઉધામા પણ કર્યા કરે છે. સ્ટાલિનની સરકાર પહેલી નથી કે જેણે આ ઉધામો કર્યો હોય. સ્ટાલિનની સરકારે તો ધર્માંતરણ કરનારાને અનામત આપી, બાકી ભૂતકાળમાં તો સીધી મુસ્લિમોને અનામત પણ અપાયેલી છે.

૨૦૦૪માં આંધ્ર પ્રદેશની વાયએસઆર રાજશેખર રેડ્ડીની કોંગ્રેસ સરકારે મુસ્લિમો માટે ચાર ટકા અનામતની જોગવાઈ કરેલી પણ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી. આંધ્ર પ્રદેશમાં મુસ્લિમો માટે ૪ ટકા અનામત ફગાવાઈ પછી કોંગ્રેસ સરકારે નવેસરથી ને નવી બંધારણીય જોગવાઈ હેઠળ ફરી મુસ્લિમો માટે અનામતની જાહેરાત કરેલી. ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટે એ અનામતને માન્ય રાખેલી. કેન્દ્રની મનમોહનસિંહ સરકારે ૨૦૧૧માં અન્ય પછાત વર્ગ (ઓબીસી) માટેની ૨૭ ટકા અનામતમાંથી સાડા ચાર ટકા અનામત મુસ્લિમો માટે રાખવાની જોગવાઈ કરી તેને આંધ્ર હાઈ કોર્ટે ફગાવી દીધેલી. મહારાષ્ટ્રમાં પણ મુસ્લિમો માટે પાંચ ટકા અનામતની જોગવાઈ ફગાવી દેવાયેલી. આ ચુકાદા એ વાતનો પુરાવો છે કે, સુપ્રીમ કોર્ટ છે તો બંધારણનું પાલન થાય છે, બાકી નેતાઓ તો બધાને ઘોળીને પી જાય.

**'તંબુરો નમ્રતા! એ ડોબાને પિતૃઓને અને વડવાઓને બોલાવવા છે**

# 'કબૂતર માટે ચબૂતરો બંધાવે તો કાગડા માટે કાગોતરો કેમ નઈ?'

- 'અરે બાપુ, માણસાઈ હોત તો એ કબૂતર માટે ચબૂતરો બંધાવે છે એમ પણ કાગડા માટે કાગોતરો બંધાવતો હોત. કબૂતરને પેટ છે તો આપણને નથી? (તાળીઓ) એમાં કેટલાય કાગડાઓ ખીર-પૂરીની સિઝનમાં પણ ભૂખ્યા રહ્યા.

'વ્હાલા કાગ બંધુઓ, શ્રાદ્ધપક્ષ પછી ભારતીય કાગમંડળની આ ઍન્યુઅલ જનરલ મીટિંગમાં મંડળ પ્રમુખ ચંપકલાલે સભાનો શુભારંભ કર્યો 'પંદર દિવસ ખીરપૂરીના જલસા પછી આ પ્રથમ મીટિંગમાં આપ સૌનું સ્વાગત.. મિત્રો, આજની એજીએમ શરૂ થાય એ પહેલાં કેટલાક પિતૃ-મિત્રોની ફરિયાદ આવી છે કે પંદર દિવસમાં મારા જ શ્રાદ્ધમાં મારા દીકરાએ એકવાર કાગવાસ નાખ્યા પછી બીજીવાર પૂછ્યું નથી કે બા-બાપુજી બીજી ખીર પૂરી ફેકું?' તો મારા કાગમિત્ર, એ તો માણસ હતા ત્યારે પણ ક્યાં બીજીવાર પૂછતો? એ આદતથી મજબૂર છે.'ત્યાં સભામાં બીજો કાગડો બોલ્યો 'બાપુ, યુ નો આપણા રંગ, કદ, રૂપ, આકાર ને અવાજ બધં જ સરખું હોવાને કારણે આધારકાર્ડ બનાવવામાં તકલીફ પડે છે. ઈવન આ દેખાવનો લાભ પેલી કોયલડી લઈ જાય છે ને એનાં ઈંડાં આપણા માળામાં મૂકી જાય છે. એનું કઈ કરો.'પ્રમુખ બોલ્યા 'તમે કાગડા બન્યા પણ બુદ્ધિ હજી પણ માણસ જેવી જ છે. અરે આપણે એકબીજાને આધાર આપીએ તો આધારકાર્ડ બનાવી શું રમી રમવી છે? એ વિચાર માંડી વાળો. આપણે હવે ક્યાં માણસ છીએ? અરે, કોયલ એનાં ઈંડાં આપણા માળામાં મૂકી જાય ને આપણે થોડા વખત સેવીએ તો શું ખાટુ-મોળુ થઈ જવાનું. કોઈનાં સંતાન પોષવા જેવું પુણ્યનું કામ ઈશ્વરે આપણને સોંપ્યું. ને આપણામાં માણસ કરતાં વધુ વિશ્વાસ મૂકી આપણી ઈજ્જત વધારી એ ઈશ્વરનો આભાર માનો.'મિત્રો, હવે તો આપણામાં માણસ જેવું કંઈ બચ્યું નથી. હતો એક જમાનો નામ અલગ, જાતી અલગ, રૂપ અલગ, સ્વભાવ અલગ, અવાજ પણ અલગ, પણ ગયું હવે એ બધું. હવે તો લગ્નગીત ગાવાં હોય કે મરશિયા, ભક્તિ ગીત ગાઓ કે પ્રાર્થના ગીત, ફિલ્મગીત ગાઓ કે ગઝલ બધામાં કા-કા-કા... યુ ગૉટ માય પૉઈન્ટ? તમે માર્ક કર્યું? આપણા એક સરખા દેખાવને ને અવાજને કારણે જ ફાયદો એ થયો કે જૈન, વૈષ્ણવ, બ્રાહ્મણ, મરાઠી, મુસ્લિમ કે પંજાબી બધા કાગભાઈઓને પંદર દિવસ શ્રાદ્ધની ખીરનો લાભ આપી શક્યા, હમણાં માણસ હોત તો. માણસોમાં આવો સંપ નથી, અરે ત્રણ દીકરા ભેગા થઈ એક શ્રાદ્ધ નથી કરી શકતા એ બીજું શું કરવાના? શ્રાદ્ધમાં શ્રદ્ધા ન હોય એવો તો માણસ હોતો હશે?''અધ્યક્ષ મહોદય' પ્રેક્ષકમાંથી અવાજ આવ્યો 'એ માણસ જ છે પણ માણસાઈ વગરનો.'

'અરે, પણ તને કેમ ખબર પડી કે માણસાઈ વગરનો..?'

'અરે બાપુ, માણસાઈ હોત તો એ કબૂતર માટે ચબૂતરો બંધાવે છે એમ પણ કાગડા માટે કાગોતરો બંધાવતો હોત. કબૂતરને પેટ છે તો આપણને નથી? (તાળીઓ) એમાં કેટલાય કાગડાઓ ખીર-પૂરીની સિઝનમાં પણ ભૂખ્યા રહ્યા. અરે એનો ધર્મ તો જુઓ એને આપણામાં બાપુજી દેખાય, ગાયમાં માતાજી દેખાય, પેલા મંદિરની મૂર્તિમાં ભગવાન દેખાય પણ કોઈ માણસમાં માણસ નથી દેખાતો, અરે બાપુ, યુ નો આ માણસ આપણામાં શ્રદ્ધા મૂકી બે પગ જોડી કરગરવાનું નાટક કરશે 'હે વ્હાલા પિતૃઓ અને વડવાઓ, પ્લીઝ અમારા છાપરે પધારી ખીર-પૂરીનું ભોજન આરોગી અમને પિતૃ ઋણમાંથી મુક્ત કરો' એ વખતે જ મને નસ નસમાં એવું ખુન્નસ ઊપડે કે જઈને હમણાં બે-ચાર બચકાં મારી આઉ...'

'અરે વ્હાલા, કેમ તમે કારણ વગર ભડકો છો એ માણસ બિચારો આટલી નમ્રતાથી..' પ્રમુખ બોલ્યા.

'તંબુરો નમ્રતા! એ ડોબાને પિતૃઓને અને વડવાઓને બોલાવવા છે, પણ માતૃઓને અને વડવાઈઓને કોણ બાજુવાળો બોલાવશે? મર્યા પછી પણ આપણને સાથે નથી રહેવા દેવા. અને શ્રાદ્ધ સાથે શ્રદ્ધા પણ પૂરી ને હવે છાપરે બેસી બરાડા પાડશો તો કોઈ કાકોએ કા...કા નઈ સાંભળે. સમજ્યા? હમણાં કરગરશે પણ પછી આખું વર્ષ

આપણા જ ઘરની બારી પરની સામેની ભીંત પર તૂટેલી ફ્રેમમાં આપણો જ ફોટો જોવા જરાક બેઠા કે હઈડ... હઈડ કરી ઉડાડી મૂકશે... મને તો એ પણ વિચાર આવે છે કે એ બોલે છે કે 'કાગડા બધે કાળા' તો વડીલ, કાગડીઓ ક્યાં લાલ, પીળી કે ગુલાબી છે? આપણે શ્યામ છીએ તો એ કઈ રૂપાળી રાધા છે ઈન શૉર્ટ કાગડીઓ કેમ કાળી નઈ?'

સભામાં તાળીઓનો ગડગડાટ થયો ને કોઈ કાગડો બોલ્યો 'વૉટ એ ડાયલૉગ. પૉઈન્ટ ટુ બી નોટેડ... બાપુ, એક વિનંતી કરું આજે મારા માળામાં જમવાનું રાખો.. ચાલો, હું દીકરાને વોટ્સેપ કરું છું એ મારી ભાષા સમજશે.'

'તંબુરો સમજશે, તારી વ્યથાની કથા મને ખબર છે. એને જો તારું ધ્યાન રાખ્યું હોત તો હજી તું માણસ હોત' પ્રમુખ બોલ્યા. 'મને યાદ છે એ તારો દીકરો બાળક હતો ત્યારે તું અને ભાભી કેટલા પ્રેમથી લાડથી ખવડાવતાં 'બેટા, ખાઈ લે નઈતર કાગડો ખાઈ જશે. છતાં તું ન ખાતો એટલે ભાભીની આંખમાં પાણી આવતા ને મરતાં પહેલાં પણ તમારી આંખમાં પાણી જ હતાં, કારણ કે ત્યારે જમાડતો ન્હોતો... બોલ સાચું કે ખોટું?' બેટા, આપણે તો માત્ર તનથી જ કાળા છીએ ને એ તો મનથી પણ... સમજ્યો? ચાલો બધા કાગમિત્રો આજે તમારા પ્રમુખ એટલે કે મારા તરફથી મારા છાપરે પાર્ટી રાખીએ પણ ત્યાં ખીર-પૂરી નઈ મળે.

**સવાર-સવારમાં વ્રત કે ઉત્સવ હોય કે જૈન મુનિનાં સામૈયાં હોય**

# જ્યાં કાર્ય કરતા શબ્દો વધુ બોલે છે

**સ્વતંત્રતા પહેલાંના આંદોલનકાળમાં જ્યારે દેશવાસીઓમાં લડત માટેનું જોમ ચડાવવા આપણા મહાનાયકો ગાંધીજી, નહેરુજી અને સરદાર પટેલ દેશને સંબોધતા હતા.**

ફિલ્મ 'ધરમ કરમ'માં રણધીર કપૂર રાજ કપૂરને બોંગા સાહબ કહે છે. આ બોંગા અથવા લાઉડસ્પીકર પોતે તો નથી બોલતું, પણ બીજાનો અવાજ વધુ મોટો કરીને સંભળાવે છે. લાઉડ, લાઉડ કરતાં અવાજ ક્લાઉડ એટલે કે આકાશમાં પહોંચે તેટલો ફૂલ વોલ્યુમ રાખવાની આપણે ત્યાં પ્રથા બની ગઈ છે

સ્વતંત્રતા પહેલાંના આંદોલનકાળમાં જ્યારે દેશવાસીઓમાં લડત માટેનું જોમ ચડાવવા આપણા મહાનાયકો ગાંધીજી, નહેરુજી અને સરદાર પટેલ દેશને સંબોધતા હતા. એ જમાનામાં એક કંપની હતી. તેનું નામ હતું 'શિકાગો રેડિયો'. ભારતની સ્વતંત્રતા માટેની હાકલ 'શિકાગો રેડિયો' પરથી થતી હતી, બોલો!

આપણા દેશમાં આ લાઉડસ્પીકરનો મહિમા પણ અજબ છે. આ નામનો ખરેખર અર્થ સમજવો હોય તો એના પરથી લોકસભા કે વિધાનસભાના 'સ્પીકર' (ખરેખર તો અધ્યક્ષ/પ્રમુખ) યાદ આવી જાય. તેમને સ્પીકર કેમ કહે છે તે આજ દિન સુધી સમજાયું નથી, કારણ કે સંસદના સ્પીકરનું કામ પણ આ લાઉડસ્પીકર જેવું જ હોય છે! લાઉડસ્પીકર પોતે કંઈ બોલતું નથી. એ તો તેની સાથે જોડાયેલ રેકોર્ડ કે ટેપ અને આજના જમાનામાં પેનડ્રાઇવ/મોબાઈલ પર વાગતાં ગીતો કે જાહેરાત સંભળાવવાનું કામ કરે છે. આ જ રીતે સંસદના સ્પીકર સાહેબ પોતે કંઈ કાયદા નથી ઘડતા, પણ બીજાને ચૂપ કરાવવા માટે જ ખાસ મોટેથી બોલતા હોય છે. હવે તો તેમના પર વિપક્ષના નેતાનો અવાજ બંધ કરાવી દેવા માટે તેમનું માઇક બંધ કરવાનો આક્ષેપ થવા લાગ્યો છે. લાઉડસ્પીકર અને સ્પીકર બંને વચ્ચે વધુ એક સામ્યતા છે: બીજાને સંભળાવવું અને પોતાનો અવાજ ગળામાં જ દબાવી રાખવો!

ભારતમાં લાઉડસ્પીકરની આખી વ્યાખ્યા જ અલગ છે. અહીં લાઉડસ્પીકર બીજાને સાંભળવા માટે નથી હોતા, પણ બીજાને પરાણે 'સંભળાવવા' માટે હોય છે! આપણે ત્યાં તો આનો ઉપયોગ પંથીય સ્થળો એટલે કે મંદિરો અને મસ્જિદોથી લઈને સોસાયટીના ગરબા અને લગ્નો સુધી ફૂલ વોલ્યુમમાં થાય છે.

ગુજરાતીમાં આ લાઉડસ્પીકરને ભૂંગળા પણ કહે છે. હિન્દીમાં તેને ભોંપુ અને બોંગા કહે છે. 'ધરમ કરમ' ફિલ્મમાં નાનકડો રણધીર રાજકપૂરને 'બોંગાસાહબ' કહે છે.

સવાર-સવારમાં વ્રત કે ઉત્સવ હોય કે જૈન મુનિનાં સામૈયાં હોય, ગણેશચતુર્થી કે વિસર્જન હોય કે પછી શનિવાર હોય, કે રોજેરોજ પાંચ વાર પોકારાતી અઝાન હોય, કે પછી શેરીમાંથી નીકળતા કૂકર રિપેરિંગની રિક્ષાવાળા એવા અવાજો છૂટે કે આપણી ઊંઘ તો ભાગી જ જાય. આમ જુઓ તો લાઉડસ્પીકર આપણને જગાડવાનું કામ કરે છે, પણ જેમ કોઈ જગાડવાનું કામ કરે તો તેને ગાળો પડે તેમ આ લાઉડસ્પીકર પણ ગાળો ખાય છે. આપણે ત્યાં કોઈ અજાણી વ્યક્તિ વધારે પડતી મોટી મોટી વાતો કરતી હોય અથવા જોશમાં આવીને બરાડા પાડતી હોય, ત્યારે આપણે તરત કહીએ છીએ: 'કેમ ભાઈ, લાઉડસ્પીકર ગળી ગયો છો કે શું?!'

લાઉડસ્પીકર ગળી જનાર માણસ પછી શ્વાસ લેવાનું ભૂલી જાય પણ બોલવાનું ક્યારેય બંધ ન કરે! પેલા શાકભાજી વેચવાવાળા કે કૂકર/ગેસ રિપેરિંગની સેવાવાળા આવતા કે ભંગારવાળા આવતા તો મોટેમોટેથી તેમના તીણા સ્વરે તીવ્ર સપ્તકમાં 'એ ડબ્બા, બાટલી, ભંગાર આપી દો' તેમ કહેતા અને થોડી વાર ગ્રાહક આવે તેની રાહ જોતા ઊભા રહેતા. આજે તમે મોબાઈલમાં તમારો સાદ રેકોર્ડ કરીને લૂપમાં મૂકીને સતત તેને સાંભળી શકો છો, સંભળાવી શકો છો, તેના કારણે આ રિપેરિંગ સર્વિસવાળાનું ગળું હવે બેસતું નથી, પણ આજુબાજુ રહેતા લોકોના કાન જરૂર પાકી જાય છે.

આજે જમાનો બદલાયો છે. હવે વાયર્ડ સ્પીકરની જગ્યા બ્લૂટૂથ સ્પીકરે લીધી છે. પણ માનવીય સ્વભાવ તો એ જ છે. પેલા જમાનામાં 'અવાજ' કંપનીના મોટા ભૂંગળા જેવા સ્પીકરમાંથી અવાજ આવતો, ત્યારે પક્ષીઓ ડરીને ઊડી જતા. આજે નાના સ્પીકરમાંથી એવો ડીજે બેઝ નીકળે કે ઘરની કાચની બારીઓ ધ્રૂજવા લાગે!

આજકાલ તો લગ્નની સિઝન આવે એટલે લાઉડસ્પીકરનું અસલી પરાક્રમ જોવા મળે છે. વરરાજાનાં લગ્ન ટકે કે ન ટકે, પણ ડીજેની કારકિર્દી ટકી જાય છે. બેઝ એટલો ભારે હોય કે બાજુવાળાના ઘરના કાચ તૂટી જાય અને છાતીના ધબકારા અનિયમિત થઈ જાય! વરરાજા કરતાં પાછળ નાચનારા મિત્રોના ચહેરા પર ભારે ઉત્સાહ હોય ત્યારે પ્રશ્ન થાય કે જે વરરાજા પરણીને આજીવન કારાવાસમાં જવાનો છે તેનો આટલો બધો ઉત્સાહ? સ્પીકરની સામે ઊભા રહીને નાચવું એ આજની યુવા પેઢીનું રાષ્ટ્રીય કર્તવ્ય બની ગયું છે. કાનના પડદા ફાટી જાય તો ભલે ફાટે, પણ સોશ્યલ મીડિયા પર રીલ સરસ બનવી જોઈએ! એવું લાગે છે કે ભગવાન શિવ દૂરદર્શી તો ગણાય જ કારણ કે તેમણે ગણેશજીનું માથું કાપી નાખ્યા પછી હાથીનું મોઢું પ્લાસ્ટિક સર્જરીથી લગાડી દીધું જેથી ભવિષ્યમાં તેમના કહેવાતા ભક્તો જ્યારે તેમને ટેમ્પો કી લારીમાં બેસાડીને કે કારમાં લાવતા કે વિસર્જન કરાવવા લઈ જતા હોય ત્યારે કાન ફાડી નાખે તેવી રીતે ડીજે જે વગાડે તો તેમના મોટા કાન તેને સહન કરી શકે !

અંગ્રેજીમાં કહેવત છે, Action speaks louder than wrods. તમારું કામ બોલવું જોઈએ પણ આપણે ત્યાં તો નેતાઓ પોતાનું ઓછું કામ વધુ સંભળાવવા લાઉડસ્પીકરનો ઉપયોગ કરે છે.

વિચારવા જેવી વાત એ છે કે જે લાઉડસ્પીકર પોતાની મેળે અવાજ પેદા નથી કરી શકતું, એ માનવીના હાથમાં આવ્યા પછી આખી દુનિયાને હચમચાવી નાખે છે. આજના જમાનામાં સ્પીકર સાથે હોય કે સ્પીકર વગર લોકો બોલતા હોય, વોલ્યુમ લાઉડ હોય તો જ પોતે સાચા સાબિત થઈ શકે તેવો નિયમ બની ગયો છે.



# હોલિવૂડની બરાબરી માત્ર પૈસાથી ન થઈ શકે : વિદ્યુત જામવાલ

બોલિવૂડમાં એક્શન સ્ટાર તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર અભિનેતા વિદ્યુત જામવાલ હવે હોલિવૂડમાં પદાર્પણ કરવા જઈ રહ્યો છે. ૧૫ વર્ષથી હિન્દી, તમિલ અને તેલુગુ ફિલ્મોમાં કામ કર્યા બાદ તે લોકપ્રિય વીડિયો ગેમ શ્રેણી પર આધારિત ફિલ્મ સ્ટ્રીટ ફાઈટરમાં ધાલસિમની ભૂમિકા ભજવશે. ફિલ્મની રિલીઝ પહેલાં એક ઈન્ટરવ્યુમાં તેણે ભારતીય અને હોલિવૂડ ફિલ્મ ઉદ્યોગ વચ્ચેનાં તફાવતો અંગે પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતા.

વિદ્યુતના મતે, હોલિવૂડની ફિલ્મોનું મોટું બજેટ તેમની સફળતા કે ગુણવત્તાનું એકમાત્ર કારણ નથી. તે કહે છે કે ત્યાં નાણાંનો મોટો ખર્ચ થાય છે, પરંતુ માત્ર પૈસા ખર્ચવાથી અસાધારણ ફિલ્મ બનાવી શકાતી નથી. ફિલ્મ નિર્માણમાં આયોજન, વ્યાવસાયિકતા, શિસ્ત અને કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન પણ એટલું જ મહત્ત્વનું છે.

હોલિવૂડમાં આ તમામ બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે, જે ભારતીય ફિલ્મ ઉદ્યોગની સરખામણીમાં એક મોટો તફાવત છે. વધુ નાણાં મળવાથી વ્યક્તિનો અભિગમ આપમેળે બદલાઈ જતો નથી, એવું જણાવતાં વિદ્યુતે સ્પષ્ટ કર્યું હતું કે તેનું નિવેદન ભારતીય સિનેમાની ટીકા કરવા માટે નથી. તેના મતે, નાણાં જ બધું નથી; ગુણવત્તાસભર સર્જન માટે માનસિકતામાં પરિવર્તન અને કામ પ્રત્યેનો યોગ્ય અભિગમ જરૂરી છે. જોકે, ભારતીય ફિલ્મોમાં એક્શનના સ્તર અંગે વિદ્યુત સકારાત્મક છે. તેના મતે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતીય સિનેમામાં એક્શનનું સ્તર ઘણું ઊંચું આવ્યું છે.

હવે ફિલ્મોમાં અનુભવી અને પ્રતિભાશાળી એક્શન ડિરેક્ટર્સ સાથે કામ કરવાની તક મળે છે. હોલિવૂડમાં એક્શન દશ્યોના શૂટિંગમાં મુખ્ય તફાવત કાયદાકીય વ્યવસ્થા અને વીમા કંપનીઓના કડક નિયમોનો છે. કલાકાર કયા પ્રકારનાં આ ફિલ્મ ૧૬ ઑક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.




# 'ગુડ્ડી ફિલ્મની ગોલ્ડન જ્યુબિલી: રીલ અને રિયલ લાઈફના તફાવતની તાસીર

૫૦ વર્ષ પહેલા આવેલી હૃષીકેશ મુખરજીની (૨૪ સપ્ટેમ્બર ૧૯૭૧) 'ગુડ્ડી' રીલ લાઈફ અને રિયલ લાઈફના ભેદ પારખી ન શકનાર એક તરુણીની ફિલ્મના ગ્લેમર પાછળની ઘેલછાની કથા છે. પૂનાના ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના પ્રિન્સિપાલની ભલામણથી 'ગુડ્ડી'નો રોલ જયા ભાદુરીને મળ્યો હતો. ફિલ્મમાં જયાનું પાત્ર - કુસુમ- ફિલ્મો પાછળ ઘેલું દેખાડવામાં આવ્યું છે. એમાંય પોતાના સ્વપ્નદેવ ધર્મેન્દ્રની ફિલ્મ તો ચૂકવાની જ નહીં, કોઈ કોઈ તો એકથી વધુ વાર જોવાની ઘેલછા. હૃષિદાની આ ફિલ્મ આંખમાં ગ્લેમરનું સપનું દિવસ - રાત જોતી કુસુમને ફિલ્મ ઈન્ડસ્ટ્રીની કડવી અને વરવી વાસ્તવિકતાનો પરિચય કરાવી ગ્લેમર પાછળની ગમગીનીનું અફલાતૂન નિરૂપણ કરે છે. એક જમાનાના સ્ટાર ક્યારે એક્સ્ટ્રા કલાકાર બની જાય છે જેવી કેટલીક કડવી વાસ્તવિકતાનો પરિચય કુસુમની સાથે થિયેટરમાં બેઠેલા દર્શકને પણ થાય છે. સાવ સાદી - સરળ કથાને દિગ્દર્શકની માવજતે યાદગાર બનાવી દીધી. બોક્સ ઑફિસ પર આ ફિલ્મ સફળ રહી હતી. એ ફિલ્મની કેટલીક મજેદાર વાતો જાણીએ.

'ગુડ્ડી' એક મહત્ત્વનો મેસેજ આપતી ફિલ્મ છે એ ખરું, પણ આ ફિલ્મના કેટલાંક સીન એવા પ્રભાવશાળી છે જે મનોરંજન કરવાની સાથે સમજણ પણ આપે છે. જયા ભાદુરીનાં જ ઉદાહરણથી શરૂ કરીએ.

ફિલ્મની શરૂઆતમાં જ શાળાની પ્રાર્થના 'હમ કો મન કી શક્તિ દેના'માં મોડી પહોંચતી કુસુમ પહેલી જ ફ્રેમથી દર્શકોનું ધ્યાન ખેંચાય એ રીતે પ્રોજેક્ટ કરવામાં આવી છે. ફિલ્મ આગળ વધે છે એમ ઉત્પલ દત્ત અને ધર્મેન્દ્રના પાત્રોનું મહત્ત્વ વધે છે, પણ કુસુમ ક્યારેય હાંસિયામાં નથી ધકેલાઈ જતી. ફિલ્મના અંતિમ દશ્યમાં પણ રીલ લાઈફના હીરો (ધર્મેન્દ્ર)ની નહીં પણ રિયલ લાઈફના હીરો નવીન (સમિત ભાંજા)ની ચમક સાચી છે, એ જ અસલી હીરો છે એનો અહેસાસ થતા કુસુમ કઈ રીતે નવીનને જીવનમાંથી સરકી જતો અટકાવે છે એ સીન પણ યાદગાર છે.

પ્રાણ સાથેનું એક નાનકડું દશ્ય બહુ મોટી વાત કહી જાય છે. ઉત્પલ દત્ત જયા ભાદુરી અને સમિત ભાંજાને લઈને ફિલ્મના સેટ પર ધર્મેન્દ્રને મળવા આવ્યા છે. ત્યાં પ્રાણસાબનું આગમન થાય છે. વાતવાતમાં ધરમજીનું ધ્યાન પ્રાણસાબે પહેરેલી ઘડિયાળ પર પડે છે. તેમને એ ખૂબ જ ગમી ગઈ છે એનો ખ્યાલ આવતા પ્રાણસાબ એ રિસ્ટ વોચ ઉતારીને ધરમજીના હાથમાં પકડાવીને જતા રહે છે. આ બધું ચૂપચાપ જોઈ રહેલી જયા ભાદુરી ત્યારે ધર્મેન્દ્રને કહે છે કે 'હાથ મત લગાના ઈસ ઘડી કો, ઉનકા જરૂર કુછ મતલબ હોગા.' ધરમજી આશ્ર્ચર્ય સાથે પૂછે છે, 'મતલબ?' જયાનો જવાબ, 'હાં, યે બગૈર કિસી મતલબ કા કોઈ કામ હી નહીં કરતે.' ત્રણેક મિનિટના આ દશ્ય દ્વારા ડિરેક્ટર જનમાનસમાં વિલનની છાપ શું અને કેવી છે એ એકદમ પ્રભાવીપણે જણાવે છે.

પડદા પરની અભિનેતાની ઈમેજ અને વાસ્તવિક જીવનમાં તેમના અસલી સ્વરૂપનો ભેદ દર્શાવતા ઓમ પ્રકાશજીના એક સીનનો ખાસ ઉલ્લેખ કરવો રહ્યો. ઓમ પ્રકાશજી કામ કરી રહ્યા હોય એવી ફિલ્મના શૂટિંગનું દ્રશ્ય છે. ઓમ પ્રકાશના પગ દબાવતી વ્યક્તિ તેમની પાસે એક રૂપિયો માગે છે. ત્યારે ઓમજી પોતે કેવા મહા કંજૂસ છે એ પેલી વ્યક્તિને સમજાવે છે. સીન પૂરો થતા લાઈટમેનનું કામ કરતો એક કર્મચારી ચક્કર આવતા પડી જાય છે. સમગ્ર હકીકત જાણીને ઓમ પ્રકાશજી તરત ૧૦૦ રૂપિયાની નોટ (આ વાત ૧૯૭૧ની છે) પેલા કર્મચારીના પરિવાર માટે આપી દે છે અને વધુ પૈસાની જરૂર હોય તો એમની પાસે માગી લેવા કહે છે. રીલ લાઈફમાં કેટલાક મહા કંજૂસ પાત્ર ભજવનાર ઓમજી રિયલ લાઈફમાં કેવા ઉદાર દિલના અને પરગજુ સ્વભાવના હતા એ વાત હૃષિદા દર્શકો સુધી એવી રીતે પહોંચાડે છે કે સ્મરણમાં રહી જાય. કહેવા માટે અસરાનીની પહેલી ફિલ્મ 'ઉમંગ' (૧૯૭૦) હતી, પણ ફિલ્મ ફ્લોપ થતા કોઈના ધ્યાનમાં કશું રહ્યું નહીં. 'ગુડ્ડી'ના રોલથી અસરાનીની કિસ્મત ચમકી ગઈ. આ ફિલ્મની સફળતાને પગલે નવા દરવાજા ફટાફટ ખુલવા લાગ્યા. 'ગુડ્ડી'ના રોલે અસરાનીને મનોજ કુમારની 'શોર' અને ગુલઝારની 'મેરે અપને સહિત આઠેક ફિલ્મમાં કામ મળ્યું. કુંદન (અસરાનીનું પાત્ર) ફિલ્મના ગ્લેમરથી અંજાઈ હીરો બનવા ભાગીને મુંબઈ આવે છે, પણ પછી બની જાય છે ભીડમાંનો એક્સ્ટ્રા કલાકાર. નાનો રોલ હોવા છતાં સચોટ પાત્રાલેખન અને પ્રભાવી અભિનયને કારણે અસરાનીનું પાત્ર દર્શકોને યાદ રહી ગયું. હૃષિદાએ હીરો તરીકે અમિતાભ બચ્ચનને લેવાનું નક્કી કર્યું હતું, પણ પછી એ વિચાર પડતો મુક્યો હતો. વાત એમ હતી કે અમિતજી હૃષિદાની 'આનંદ'માં પણ હતા. 'આનંદ' રિલીઝ થતા અમિતાભની લોકપ્રિયતા વધી ગઈ. હૃષિદાને જયા ભાદુરી સામે નવો અથવા ઓછો પરિચિત ચહેરો જોતો હતો. એટલે અમિતજીને આવજો કરી બંગાળી અભિનેતા સુમિત ભાંજાને લેવામાં આવ્યો. અલબત્ત અમિતાભ બચ્ચન 'ગુડ્ડી'માં દિલીપ કુમાર, રાજેશ ખન્ના સહિત અન્ય કલાકાર સાથે કેમિયો (નાનકડી ભૂમિકા)માં નજરે પડે છે. એમ તો હિરોઈન તરીકે મૌસમી ચેટર્જીનું નામ નક્કી થયું હતું પણ પૂનામાં હૃષિદા જયાને મળ્યા અને એને સાઈન કરી લીધી.

ફિલ્મમાં સંગીત વસંત દેસાઈનું છે અને ગીત ગુલઝારનાં છે. ગાયિકા છે વાણી જયરામ જેનું 'બોલ રે પપીહારા' ગીત એ સમયે ખાસ્સું લોકપ્રિય થયું હતું. આજે પણ ચાહકો નહીં જ ભૂલ્યા હોય. ઓ. પી. નય્યરનું મ્યુઝિક ન હોય એવી ફિલ્મમાં લતાદીદીનું એક પણ ગીત ન હોય એવું જવલ્લે જ બન્યું હશે. 'ગુડ્ડી' એનું ઉદાહરણ છે. ગીતકાર ઉપરાંત કથા, પટકથા અને સંવાદમાં પણ ગુલઝારજીનું યોગદાન છે.

# એમ. સાદિકનું નામ સાંભળ્યું છે?



નહીં જ સાંભળ્યું હોય. ખબરેય નહીં હોય કે આ મહાશય કોણ છે. પણ જો તમને ૧૯૬૦ના દાયકાની બે મ્યુઝિકલ સુપરહિટ ફિલ્મ 'ચૌદહવી કા ચાંદ' અને 'તાજ મહલ' વિશે પૂછવામાં આવે તો તમે કહેશો કે ખબર છે, બંને ફિલ્મ જોઈ છે. ફિલ્મના કલાકારો અને અવિસ્મરણીય ગીત - સંગીત પણ તમને યાદ આવી જતાં મોઢું મલકાઈ જશે. તો જાણી લો કે એમ. સાદિક આ બંને યાદગાર ફિલ્મના દિગ્દર્શક હતા.

ચોથી ઑક્ટોબરે તેમની ૫૦મી પુણ્યતિથિ હતી એ નિમિત્તે સાવ વિસરાઈ ગયેલા આ ફિલ્મમેકરની કેટલીક વાતો જાણીએ.

૧૯૧૧માં વેપારી પરિવારમાં જન્મેલા એમ. સાદિકે મેટ્રિકની પરીક્ષા પાસ કરી કેન્યા ઍન્ડ યુગાન્ડા રેલવેઝ ઍન્ડ હાર્બર્સ એડમિનિસ્ટ્રેશન નામની કંપનીમાં ક્લાર્ક - ટેલિફોન ઑપરેટરની નોકરી મળતા નૈરોબીની વાટ પકડી હતી. જોકે, પારિવારિક સમસ્યાને કારણે બે જ વર્ષમાં ભારત પાછા ફરવું પડ્યું. લાહોરમાં ફિલ્મમેકર એ. આર. કારદારની કંપનીમાં ક્લાર્ક તરીકે જોડાયા.

કલકત્તામાં ૧૯૩૬ની કારદારની ફિલ્મ 'બાગી સિપાહી'માં સાદિકને સહાયક દિગ્દર્શક તરીકે કામ કરવાનો મોકો મળ્યો. પછી કારદાર સાથે મુંબઈ આવ્યા પછી સહાયક દિગ્દર્શક ઉપરાંત ફિલ્મ માટે વાર્તા અને સંવાદ લખવાનું પણ શરૂ કર્યું. નામના વધતા સ્વતંત્રપણે ફિલ્મ ડિરેક્ટ કરવાની તક મળી.

પહેલી જ ફિલ્મ 'નમસ્તે' (૧૯૪૩) સિલ્વર જ્યુબિલી હિટ હતી અને ફિલ્મ દિગ્દર્શનની ઑફરો આવવા લાગી. નૌશાદ સાબને ટોચના સંગીતકાર તરીકે સ્થાપિત કરનાર ૧૯૪૫ની સુપરહિટ 'રતન'થી એમ. સાદિકનું નામ ઈન્ડસ્ટ્રીમાં ગુંજવા લાગ્યું. જોકે, 'રતન' પછી સાદિક અને કારદાર છૂટા પડ્યા. જોકે, તેમણે દિગ્દર્શિત કરેલી ફિલ્મો બની રહી હતી અને ૧૯૪૯માં તેમણે પોતાનું બેનર શરૂ કર્યું જેમાં જોની વોકરની કોમેડી ફિલ્મો સહિત આઠ ફિલ્મ બનાવી.

અલબત્ત કેટલીક ફિલ્મોને ભારે આર્થિક નુકસાન થવાથી સાદિકે ૧૯૫૯માં પોતાના બેનર પર પડદો પાડી દીધો. એ સમયે ગુરુ દત્ત 'ચૌદહવી કા ચાંદ' પર વિચાર કરી રહ્યા હતા. ફિલ્મ મુસ્લિમ સમાજની સામાજિક ફિલ્મ હોવાથી એનું ડિરેક્શન લખનવી અંદાઝથી વાકેફ હોય એવી વ્યક્તિ પાસે કરાવવાની ગુરુ દત્તની ઈચ્છા હતી. અને સાદિકે એ ફિલ્મ ડિરેક્ટ કરવાની જવાબદારી સોંપાઈ હતી. જોકે, આ ફિલ્મને સારી સફળતા મળવા છતાં એમ. સાદિકને વધુ ફિલ્મ મળી નહીં.

૧૯૬૩માં તેમણે ડિરેક્ટ કરેલી 'તાજ મહલ'ને એવી જ્વલંત સફળતા મળી કે ઘણા ફિલ્મમેકર સમકાલીન વિષય પર ફિલ્મો બનાવવાનું માંડી વાળી ઈતિહાસના પાના ઉથલાવવા લાગ્યા હતા. ત્યારબાદ તેમણે 'નૂરજહાં અને બહુ બેગમ' ડિરેક્ટ કરી પણ આ ફિલ્મોને સફળતા મળી નહીં અને ૧૯૭૦માં એમ. સાદિક પાકિસ્તાન ચાલ્યા ગયા અને ૧૯૭૧ની ચોથી ઑક્ટોબરે તેમનું અવસાન થયું.

હવે પછી જ્યારે પણ 'ચૌદહવી કા ચાંદ હો યા આફતાબ હો જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો' કે 'જો વાદા કિયા વો નિભાના પડેગા' ગીત ગણગણો ત્યારે વહિદા રહેમાન અને બીના રાય નજર સામે ભલે તરવા લાગે, પણ થોડીક વાર માટે આ બંને યાદગાર ફિલ્મના સર્જક એમ. સાદિકનું પણ સ્મરણ કરવાનું ભૂલતા નહીં.





# અરવિંદ ત્રિવેદીએ રાવણને અમર બનાવી દીધો

ગુજરાતી ફિલ્મો અને રંગભૂમિના મહાન અભિનેતાની હરોળમાં વટથી બિરાજતા અરવિંદ ત્રિવેદીએ રામાનંદ સાગરની વિખ્યાત ટીવીસિરિયલ 'રામાયણ'માં લંકેશના પાત્રને પ્રભાવી રીતે ભજવીને રાવણને અમર બનાવી દીધો એ હકીકત છે. આ વાત તેમના ભત્રીજા કૌસ્તુભ ત્રિવેદીએ વાતચીતમાં જણાવી. એક કુટુંબવત્સલ સભ્ય અને સેવાભાવી વ્યક્તિ જેમની ઓળખ હતી એ અરવિંદભાઈનાં સંસ્મરણ કૌસ્તુભ ત્રિવેદીના શબ્દોમાં જ રજૂ છે.

**સંઘર્ષ કાળ**

લોકોનાં હૃદયમાં 'રામાયણ'ના લંકેશ તરીકે, 'દેશ રે જોયા...'ના દાદા તરીકે અને બીજી અનેક યાદગાર ભૂમિકાઓથી જીવંત રહેશે, જ્યારે પરિવાર માટે અને અંગત રીતે મારા માટે તો અરવિંદભાઈ કાયમ વાત્સલ્યમૂર્તિ રહ્યા છે અને એ જ વધુ સ્મરણમાં રહેશે. અરવિંદભાઈને બે ભાઈ ભાલચંદ્ર ભાઈ (મારા પિતાશ્રી) અને અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી. તેમની ઓળખ ઈડરના રહેવાસી તરીકેની છે, પણ તેમનો જન્મ મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં થયો હતો. મારા દાદા મિલમાં નોકરી કરતા હતા. ઉજ્જૈનમાં રામલીલા પ્રખ્યાત હતી. અરવિંદભાઈને મિત્રો સાથે રામલીલાનો રંગ લાગ્યો. અભિનયના 'અ'નું આ જન્મસ્થાન કહી શકો. એ સમયે ઉપેન્દ્રભાઈ કુસ્તી શીખવા જતા અને એટલે કુસ્તીનો રંગ પણ તેમને લાગ્યો. આરએસએસની શાખામાં પણ જતા. ભાલચંદ્રભાઈ મુંબઈ આવ્યા પછી બંને ભાઈને પણ મુંબઈ બોલાવી લીધા. ભાલચંદ્રભાઈ ખાલસા કોલેજમાં નાટકોમાં ભાગ લેતા, પણ નાના ભાઈઓની રુચિ જોઈ તેમ જ ઘરડાં મા-બાપની સેવા માટે તેમણે નાટ્યશોખને તિલાંજલિ આપી શિક્ષકની નોકરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મુંબઈમાં બે ભાઈઓ એ સમયના રંગભૂમિના મહારથી વિષ્ણુકુમાર વ્યાસના સંપર્કમાં આવ્યા. નાટકનો રંગ લાગ્યો. મને યાદ છે ત્યાં સુધી કનૈયાલાલ મુનશીનું 'વાહ રે મેવા' નાટક કર્યું. એમાં અરવિંદભાઈનો અભિનય જોઈને નવીન ખાંડવાલાએ તેમને ભવન્સમાં સ્ટેજ મેનેજરની નોકરી આપી. આ નોકરી તેમણે ૨૦ વર્ષ એકપણ રજા લીધા વિના કરી.

**કુટુંબ વાત્સલ્ય**

અપાર નામના અને સારી મૂડી મળવા છતાં અરવિંદભાઈ માટે પરિવાર પહેલો એ સૂત્ર કાયમ રહ્યું, મંગળવારે રાત્રે ગુજરી ગયા ત્યાં સુધી. ૨૫ વર્ષની ઉંમરે ૧૯૬૪માં તેમનાં લગ્ન થયાં અમારી જ જ્ઞાતિનાં નલિનીબહેન વ્યાસ સાથે. ૧૯૬૨માં મારાં માતુશ્રી ગુજરી ગયા પછી અમને (બે ભાઈ અને એક બહેન) માની ખોટ નથી લાગી. અરવિંદભાઈએ પણ કાયમ અઢળક પ્રેમ આપ્યો. તેમને ત્રણ દીકરી છે શ્ર્વેતા યુએસમાં રહે છે, જ્યારે કવિતા અને એકતા મુંબઈમાં રહે છે. કોઈ પૂછે તો કહેતા કે 'મારે સાત સંતાન છે.' આમ બંને ભાઈનાં બાળકોને (કૌસ્તુભ, રાજુ, આશિષ અને હેમંત) પણ પોતાનાં જ ગણતા. આ ભાવના છેક છેલ્લી ઘડી સુધી જોવા મળી. જમાના સાથે ચાલી શકાય એ માટે ૭૩ વર્ષની ઉંમરે કૉમ્પ્યુટર ખરીદી એ ચલાવતાં શીખ્યા.

**લંકેશનો રોલ**

૧૯૭૦ના દાયકામાં આવેલી ગુજરાતી ફિલ્મ 'વીર માંગડાવાળો'માં અરવિંદભાઈનો અભિનય રામાનંદ સાગરે જોયો હતો અને પ્રભાવિત થયા હતા. તેમણે અરવિંદભાઈને ઑફિસમાં બોલાવ્યા ત્યારે તેમણે કહ્યું કે 'મારે તો કેવટનો રોલ કરવો છે.' કેવટનું ઑડિશન આપી તેઓ જઈ રહ્યા હતા ત્યારે એમની ચાલ, એમનો ઠસ્સો-રુઆબ જોઈને રામાનંદ સાગર ઉત્સ્ફૂર્તપણે બોલી ઊઠ્યા કે 'મુઝે મેરા રાવણ મિલ ગયા.' પછી અરવિંદભાઈને કહ્યું કે તારે રાવણનો રોલ કરવાનો છે. જવાબમાં અરવિંદભાઈ બોલ્યા પણ હું ફરી રાવણનું ઑડિશન નહીં આપું. સાગરસાહેબે કહ્યું કે જરૂર જ નથી. આ પ્રસંગ પરથી અરવિંદભાઈની કાબેલિયતની ઊંચાઈનો ખ્યાલ આવે છે. જોકે, વાતમાં એક વળાંક છે. એ સમયે તેઓ પરેશ રાવલના 'મહારથી' નાટકમાં એક મહત્ત્વનો રોલ કરી રહ્યા હતા. સાગરસાહેબને વાંધો નહોતો, પણ અરવિંદભાઈએ જ્યારે તેમને કહ્યું કે એક મહિનામાં બાવીસ શો છે તો સાગરસાહેબ કહે તો હું 'રામાયણ'નું શૂટિંગ ક્યારે કરું?' રંગભૂમિ અરવિંદભાઈનો પ્રથમ પ્રેમ હતો અને એટલે 'તો મારે રાવણનો રોલ નથી કરવો' એવું પરખાવી દીધું. પછી ઉપેન્દ્રભાઈ અને પરેશ રાવલની સમજાવટથી લંકેશ બનવા તૈયાર થઈ ગયા. ઉપેન્દ્રભાઈએ કહ્યું હતું કે 'આ કેરેક્ટર તને અમર બનાવી દેશે.' એ ભવિષ્યવાણી સાચી પડી. કાકાએ એ રોલમાં એવો ઠસ્સો દેખાડ્યો કે હીરો કરતાં વિલન વધુ દમદાર છે એવી છાપ પડી. રામાનંદ સાગર પણ રાવણના વધુ શોટ લેવાનો આગ્રહ રાખતા હતા.

**રાજકારણનો રોલ**

૬૦ વર્ષની ઉંમરે રાજકારણમાં તેમની એન્ટ્રી થઈ. ૧૯૯૧માં એ વખતના નાણાપ્રધાન બાબુભાઈ મેઘજીભાઈ શાહના કહેવાથી રાજકીય પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. ૧૯૯૧થી ૧૯૯૬ સુધી સાબરકાંઠા બેઠક પર સંસદસભ્ય તરીકે રહ્યા અને લોકસેવાને પ્રાધાન્ય આપ્યું. એમની એક મજેદાર વાત એ છે કે સોગંદવિધિ વખતે 'આઈ અરવિંદ ત્રિવેદી, લંકેશ' બોલ્યા હતા. કોઈ પણ એમપીએ નામ અને ઉપનામથી સોગંદ લીધાની જાણ નથી.

**શિવભક્ત, હકીકતમાં રામભક્ત**

અરવિંદભાઈની લંકેશની ભૂમિકાની અનેક ખૂબીઓ છે, એમાં તેમની સંવાદ બોલવાની છટા તેમ જ શિવ તાંડવ સ્તોત્રનું પઠન આજેય લોકો નથી ભૂલ્યા. રસપ્રદ વાત એ છે કે રીલ લાઈફમાં શિવભક્ત લંકેશ રિયલ લાઈફમાં પાક્કા રામભક્ત હતા. 'રામાયણ'નું પાત્ર ભજવતી વખતે ભગવાન રામને જે અપશબ્દો કહ્યા એના પ્રાયશ્ર્ચિત્ત રૂપે ૧૪ ફૂટ ઊંચી રામની મૂર્તિનું સ્થાપન તેમણે પોતાના ઈડરના ઘરમાં કર્યું હતું. મોરારિબાપુના હસ્તે તેમણે મૂર્તિનું ઉદ્ઘાટન કરાવ્યું હતું. વાત આટલેથી નથી અટકતી. ભાદરવી પૂનમે અમદાવાદથી અંબાજી પગપાળા જતા શ્રદ્ધાળુઓ માટે તેમના બંગલાના ચોગાનમાં મોટો મંડપ બાંધી લોકોના રહેવા-ખાવા અને સૂવાની વ્યવસ્થા તેમણે સતત ૨૫ વર્ષ કરી. ગયા ૨૬મા વર્ષે લોકડાઉનને કારણે તેઓ એમ ન કરી શક્યા. તેમનામાં લંકેશ માટે પણ આદર હતો. ૨૦૧૫-૧૬માં ઈડરના બંગલાના કમ્પાઉન્ડમાં જ લંકેશ્ર્વર મહાદેવની સ્થાપના કરી. હકીકતમાં આવા કોઈ મહાદેવ નથી. એ તેમની આસ્થા હતી.

**ફિલ્મ સફર**

તેમની ફિલ્મ કારકિર્દી પણ વિશાળ છે. ૩૦૦થી વધુ ગુજરાતી અને હિન્દી ફિલ્મોમાં તેમણે અભિનય કર્યો છે. નોંધવા જેવી વાત એ છે કે એમાંથી ૬૦ ફિલ્મ તેમણે ઉપેન્દ્રભાઈ સાથે કરી છે. ઉપેન્દ્રભાઈ ફિલ્મના હીરો હોય તો કોઈ પણ રોલ સ્વીકારવા તૈયાર થઈ જતા. ભાઈ માટે એમને અત્યંત આદર હતો. ૪૦-૫૦ ફિલ્મોમાં વિલન હતા અને બાકીની ૨૦૦ જેટલી ફિલ્મોમાં તેમની ભૂમિકા એકદમ દમદાર હતી. એમાંથી 'દેશ રે જોયા દાદા પરદેશ રે જોયા'નો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. નિર્માણ અને દિગ્દર્શન તેમનાં અને દાદાની ભૂમિકા પણ અરવિંદભાઈની જ. અરવિંદભાઈની અદાકારી એવી બેમિસાલ હતી કે આ ફિલ્મ જોનારા દર્શકની આંખના ખૂણા ભીના થઈ જતા.

**નાટ્યસફર**રંગભૂમિ તેમનો પ્રથમ પ્રેમ હતો. ઉપેન્દ્રભાઈના 'પારિજાત'માં અરવિંદભાઈ વિલનનો રોલ કરતા અને પાત્રમાં તેમની કરડાકી જોઈને દર્શકો ડરી જતા. મેં એ નાટકને રિવાઈવ કરીને 'યુદ્ધ' નામનું નાટક બનાવવાનું નક્કી કર્યું ત્યારે મારી ઈચ્છા હતી કે અરવિંદભાઈ એમાં કામ કરે. જોકે, 'રામાયણ' જેવી તગડી રકમ હું આપી શકું એમ નથી એવો ખુલાસો કર્યો ત્યારે એકદમ પ્રેમાળ ભાવે બોલ્યા કે તારે જે પૈસા આપવા હોય એ આપજે. નફો થાય તો જાપજે, બસ. એમના વાત્સલ્યનાં દર્શન અનેક વખત થયાં છે. કાંતિ મડિયાના એકસાથે બે શો હોય ત્યારે 'આતમને ઓઝલમાં રાખ મા'નો મડિયાનો રોલ અરવિંદભાઈ કરતા હતા. 'મર્ડર બાય બુક' પરથી તેમણે 'કથા તારી વ્યથા મારી' નામનું પ્રેક્ષકોને જકડી રાખતું નાટક બનાવ્યું હતું. પાછળથી પ્રવીણ જોશીએ એના પરથી જ 'કોફીનો એક કપ' નામનું નાટક બનાવ્યું હતું.



## બીસીસીઆઈએ ભારતીય પેસર માટે નવો પ્લાન બનાવ્યો

# જસપ્રીત બુમરાહ હવે માત્ર ટેસ્ટ રમશે : ટી-૨૦થી અંતર જાળવશે

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈજાઓથી ઝઝૂમી રહેલાં ઝડપી બોલર જસપ્રીત બુમરાહ માટે નવો પ્લાન તૈયાર કર્યો છે. અહેવાલ મુજબ, બીસીસીઆઈ અને ભારતીય ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે, બુમરાહ હવે માત્ર એક ફોર્મેટ રમવા પર ધ્યાન કેન્દ્રિત કરે અને તે છે ટેસ્ટ ક્રિકેટ. આ જ કારણ છે કે ન્યૂઝીલેન્ડના આગામી પ્રવાસ પર બુમરાહ T-20 અને વનડે સિરીઝમાં નહી રમે.

ટીમ મેનેજમેન્ટ ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર બુમરાહને માત્ર ટેસ્ટ સિરીઝમાં જ મેદાનમાં ઉતારવા ઈચ્છે છે. આ જ કારણ છે કે તેમને ન્યૂઝીલેન્ડ ટેસ્ટ સિરીઝ પહેલાં ઈન્ડિયા-એ માટે એક મેચ રમવા માટે કહેવામાં આવ્યું છે. ઈન્ડિયા-એ ટીમ ન્યૂઝીલેન્ડમાં ત્રણ ચાર-દિવસીય મેચ રમશે અને ત્રીજી મેચમાં બુમરાહને સ્થાન મળશે.

ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે બુમરાહ ૨૦૨૭માં રમાનારા વનડે વિશ્વ કપ સુધી પૂરી રીતે ફિટ રહે અને તેમનાં પર વધુ દબાણ ન પડે. આવામાં તેઓ હવે ટેસ્ટ ક્રિકેટ ઉપરાંત માત્ર વનડે વિશ્વ કપ પર જ ફોકસ કરી રહ્યાં છે.

# નિર્ભય રમતથી સંતુલન બગડયુ : બેંગલુરૂની ફાઈનલ ટીમ ઈન્ડીયા માટે 'અગ્નિપરીક્ષા'

## ટી-૨૦ સિરીઝમાં વિન્ડીઝે ભારતની નબળાઈઓ છતી કરી : બેટીંગમાં વધુ ફોકસ કરાતા બોલીંગ પ્રભાવીત



લોસ એન્જલસ ઓલિમ્પિક ૨૦૨૮ અને આગામી -૨૦ વર્લ્ડ કપ માટે તૈયાર કરવામાં આવી રહેલી નવી ટીમ ઈન્ડિયાની 'બેખોફ ક્રિકેટ' (નિર્ભય ક્રિકેટ)ની ફોર્મ્યુલાને વેસ્ટ ઈન્ડિઝે આપણી જ ધરતી પર અરીસો બતાવી દીધો છે. હૈદરાબાદમાં ચોથા T-20માં ૨૪ રનની હાર સાથે જ પાંચ મેચોની સિરીઝ ૨-૨થી બરાબરી પર આવી ગઈ છે. હવે સવાલ એ છે કે ભારતીય ટીમ આખરે ક્યાં નબળી સાબિત થઈ રહી છે?

આ માત્ર એક દ્વિપક્ષીય સિરીઝમાં બરાબરીનો મામલો નથી, પરંતુ ૧૬ વર્ષના ભારત-વેસ્ટઈન્ડિઝ ઝ-૨૦ ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે જ્યારે કેરેબિયન ટીમે ભારતીય ધરતી પર એક જ સિરીઝમાં બે મેચ જીતી હોય. શનિવારે બેંગલુમાં રમાનારો 'ફાઈનલ' મુકાબલો હવે માત્ર એક ટ્રોફીનો જ નહીં, પરંતુ ભારતીય ક્રિકેટની દિશા નક્કી કરવાની અગ્નિપરીક્ષા બની ગયો છે.

ઊંડાણપૂર્વક તપાસ કરીએ તો ભારતીય ટીમની આ નિષ્ફળતા કોઈ એક ક્ષેત્રની ભૂલ નથી, પરંતુ સમગ્ર સંતુલનના વિખેરાઈ જવાનું પરિણામ છે. પહેલી અને સૌથી મોટી નિષ્ફળતા બોલિંગના અનુશાસન અને વિવિધતામાં જોવા મળે છે.

રાંચીમાં ૨૪૯ જેવા વિશાળ સ્કોરનો પીછો કરીને મેચ ગુમાવી દેવી અને પછી હૈદરાબાદની સપાટ પિચ પર વિપક્ષી ટીમને ૨૪૭/૩ બનાવવા દેવાની પૂરી છૂટ આપવી. આ સાબિત કરે છે કે જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં આપણી પાસે ડેથ ઓવર્સનો કોઈ સ્પષ્ટ પ્લાન 'ઈ' નથી.

મયંક યાદવ (૧૩ ઈકોનોમી) અને અર્શદીપ સિંહ (૧૩ ઈકોનોમી) જેવા પેસર્સ જ્યારે લેન્થથી ભટકે છે, ત્યારે તેમની મજબૂત ૧૪૫+ કિમી/કલાકની ગતિ કેરેબિયન પાવર-હિટર્સ માટે બોલ બેટ પર આવવાનું સૌથી અનુકૂળ માધ્યમ બની જાય છે. યોર્કર, સ્લોઅર બાઉન્સર્સ અને વાઈડ-લાઈન બોલિંગનો અભાવ પૂરી રીતે સપાટી પર આવી ગયો છે.વ્યૂહાત્મક સ્તર પર બીજી મોટી નિષ્ફળતા 'આઠમાં નંબર સુધી બેટિંગ'ના ભ્રમે ઊભી કરી છે. લાંબી બેટિંગ લાઇન-અપની ચાહતમાં ટીમ સંતુલન એટલું બગડી ચૂક્યું છે કે ઉપરના નિષ્ણાત બોલરોનો કોટા ઓછો કરીને અનુભવહીન ઓલરાઉન્ડરો પાસે ઓવર કરાવવામાં આવી રહી છે.

નિતિશ કુમાર રેડ્ડી જેવા યુવાનોને સીધા જ મેદાનમાં ઉતારવા શાઈ હોપ અને શિમરોન હેટમાયર જેવા ઈન-ફોર્મ બેટ્સમેનો માટે સરળ નિશાન સાબિત થયા. જ્યારે મુખ્ય ચાર બોલર જ ૧૨ની ઈકોનોમી પાર કરી રહ્યાં હોય, ત્યારે પાંચમા અને છઠ્ઠા વિકલ્પ પાસે ચમત્કારની આશા રાખવી એ રણનીતિની ખામી છે.

ત્રીજું પાસું પરિસ્થિતિઓ અનુસાર અનુકૂલનનું છે. સપાટ પિચ પર પહેલાં બેટિંગ કરતી વખતે ખુલ્લીને બેટ ચલાવવું આધુનિક ઝ-૨૦નો સ્વભાવ હોઈ શકે છે, પરંતુ જ્યારે લક્ષ્ય ૨૪૦ને પાર હોય ત્યારે આક્રમકતાની સાથે સ્ટ્રાઈક રોટેશન અને મેચની ગતિને નિયંત્રિત કરવી અનિવાર્ય બની જાય છે.

# બીસીસીઆઈનો કડક 'આરટીપી' ફિટનેસ નિયમ છતાં હર્ષિત રાણાને ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં તક મળવાની સંભાવના

## ગંભીર ઈજામાંથી સાજા થયેલાં ખેલાડીઓ માટે 'રિટર્ન ટુ પ્લે' ટેસ્ટ પ્રોટોકોલ પાસ કરવું ફરજિયાત



નવી દિલ્હી : ગંભીર ઈજાઓ અને ખેલાડીઓની સતત ફિટનેસ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ક્રિકેટરો માટે નવો અને કડક પ્રોટોકોલ બનાવ્યો છે. કોઈપણ ગંભીર ઈજા કે સર્જરી બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરતાં પહેલાં ખેલાડીએ સેન્ટર ઓફ એક્સીલન્સ ખાતે 'આરટીપી' રિટર્ન ટુ પ્લે ટેસ્ટ પાસ કરવો ફરજિયાત હોય છે. આ ટેસ્ટ મેડિકલ અને સ્પોર્ટ્સ સાઈન્સ ટીમની દેખરેખ હેઠળ યોજવામાં આવે છે જેથી ખેલાડી મેચનાં ઉચ્ચ શારીરિક દબાણને ઝીલવા માટે સંપૂર્ણ સક્ષમ છે કે નહી તેની ખાતરી કરી શકાય.જો કે, આ કડક નિયમો છતાં બીસીસીઆઈ અને સિલેક્ટર્સ ન્યૂઝીલેન્ડ સામેનાં આગામી પ્રવાસ માટે યુવા ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર હર્ષિત રાણાને બંને ફોર્મેટની ટીમમાં સામેલ કરવા માટે ઉત્સુક છે. હર્ષિત રાણા હાલમાં માંસપેશીઓમાં ખેંચાણની સમસ્યાથી ઉભરી રહ્યાં છે. માનવામાં આવી રહ્યું છે કે બોર્ડ આ બાબતે રાણાને થોડી છૂટછાટ આપી શકે છે અને કદાચ ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન જ તેનું ફિટનેસ ટેસ્ટ લેવામાં આવી શકે છે, કારણ કે ટીમ માટે આ ખેલાડી ખૂબ જ મહત્વનો માનવામાં આવે છે.હર્ષિત રાણા ઉપરાંત રિષભ પંત અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા અન્ય ખેલાડીઓ પણ પોતાની ઈજાઓમાંથી રિકવર થઈ રહ્યા છે. બોર્ડ આ ખેલાડીઓની રિકવરી માટે ત્રણ અઠવાડિયાનો સમય આપી રહ્યું છે જેથી તેમની ફિટનેસ મામલે કોઈ પણ પ્રકારની ઉતાવળ ન થાય. અગાઉ ખેલાડીઓની સતત ઈજાઓ બાબતે થયેલી ચર્ચા બાદ બોર્ડે ફિટનેસના માપદંડો ઘણાં કડક બનાવ્યાં હતા, છતાં ખાસ ખેલાડીઓના કિસ્સામાં પરિસ્થિતિ મુજબનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે.ભારતીય ટીમ આગામી દિવસોમાં ન્યૂઝીલેન્ડ સામે મહત્વપૂર્ણ વનડે અને ટેસ્ટ શ્રેણી રમવાની છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૫ મેચોની રોમાંચક વનડે શ્રેણીની શરૂઆત ૪ નવેમ્બર ૨૦૨૬થી ઓકલેન્ડના મેદાનથી થશે. આ શ્રેણી ૧૫ નવેમ્બર સુધી ચાલશે અને ત્યારબાદ ૧૯ નવેમ્બરથી વેલિંગ્ટનમાં બે મેચોની મહત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણી રમાશે, જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે.

# 'એક મીરા ક્યાં સુધી દેશને મેડલ અપાવતી રહેશે' : ખેલ મંત્રી માંડવિયાએ એશિયાડના પ્રદર્શન પર માંગ્યા જવાબ

## એશિયન ગેમ્સના પ્રદર્શન પર સમીક્ષા બેઠક : મનસુખ માંડવિયાએ કહ્યું કે, ૧૦થી વધુ 'મીરાબાઈ' તૈયાર કરવાની જરૂર છે

એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલાં સમગ્ર પ્રદર્શનની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવા અને આગામી રણનીતિ ઘડવા માટે કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં દેશનાં તમામ રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક દરમિયાન રમતગમત મંત્રીએ દેશના પ્રતિષ્ઠિત વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુના ઉત્કૃષ્ટ યોગદાન અને ઉદાહરણને ટાંકીને એક ગંભીર સવાલ ઉઠાવ્યો હતો કે આખરે એકલા મીરાબાઈ ક્યાં સુધી દેશ માટે મેડલ જીતાડતા રહેશે અને ક્યાં સુધી આપણે માત્ર એક જ ખેલાડી પર નિર્ભર રહેવું પડશે?





મંત્રીએ પોતાનાં સંબોધનમાં સ્પષ્ટ અને આક્રમક શબ્દોમાં જણાવ્યું હતું કે, આપણે દેશમાં માત્ર એક કે બે ખેલાડીઓના ભરોસે બેસી રહેવાની માનસિકતા બદલવી પડશે અને આવા જ જોશીલા અને પ્રતિભાશાળી બીજા ૧૦ નવા ખેલાડીઓ તૈયાર કરવાની તાકીદની અને અનિવાર્ય જરૂરિયાત છે.

આગામી સમયમાં યોજાનાર વર્ષ ૨૦૨૮ ના લોસ એન્જલસ ઓલિમ્પિક તેમજ વર્ષ ૨૦૩૦ ના કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ જેવા વૈશ્વિક મહાસાંગ્રામને ધ્યાનમાં રાખીને અત્યારથી જ મેડલ જીતવાની ક્ષમતા ધરાવતાં ખેલાડીઓનો એક મોટો અને મજબૂત વ્યાપ (પૂલ) તૈયાર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સમીક્ષા બેઠક દરમિયાન અપેક્ષિત અને આશાસ્પદ પ્રદર્શન ન કરી શકવા બદલ શૂટિંગ, એથ્લેટિક્સ, બેડમિન્ટન, ફેન્સિંગ અને સ્વિમિંગ જેવા વિવિધ પ્રમુખ રમતગમત સંઘોના પદાધિકારીઓ સમક્ષ સવાલો પણ ઉઠાવવામાં આવ્યા હતા અને નબળા દેખાવના કારણો જાણવામાં આવ્યા હતા.

વિવિધ સંઘો દ્વારા પોતપોતાના પ્રદર્શનનો અહેવાલ રજૂ કરવામાં આવી રહ્યો હતો. તે દરમિયાન પ્રશિક્ષણ માટે વિદેશ કે સ્પર્ધાઓમાં ઈજાગ્રસ્ત ખેલાડીઓને મોકલવા તેમજ અમુક એથ્લીટ્સ સાથે તેમના વ્યક્તિગત કોચને સાથે ન મોકલવા જેવા મહત્વનાં વ્યવહારિક મુદ્દાઓ પણ ચર્ચાના કેન્દ્રમાં આવ્યા હતા.

ખાસ કરીને જ્યારે AFI ના પ્રવક્તા આદિલ સુમારીવાલા પ્રદર્શન વિશે બતાવી રહ્યાં હતાં, ત્યારે IOA પ્રમુખ પી.ટી. ઉષાએ ઈજાગ્રસ્ત એથ્લીટ્સ અને એક એથ્લીટના કોચને ન મોકલવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

જો કે, રમત મંત્રીએ આ પ્રકારની છૂટીછવાઈ ચર્ચાઓને અટકાવતા સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી હતી કે ચર્ચા કોઈ એક વિશેષ કે વ્યક્તિગત મુદ્દા પર સીમિત ન રહેવી જોઈએ, પરંતુ સમગ્ર રાષ્ટ્રીય પ્રદર્શનની સામૂહિક સમીક્ષા અને સુધારણા પર જ સંપૂર્ણ કેન્દ્રિત હોવી જોઈએ.

આ બેઠક દરમિયાન મંત્રીએ તમામ મહાસંઘોને એ વાતની ખાતરી પણ આપી હતી કે હવે પછી લોસ એન્જલસ ઓલિમ્પિકની ભવિષ્યની તૈયારીઓ માટે નાણાકીય ભંડોળ કે સંસાધનોની કોઈ જ કમી રહેવા દેવામાં આવશે નહીં, પરંતુ તેની સામે સંઘોએ પણ અત્યારથી જ અત્યંત સચોટ, પારદર્શક અને ગતિશીલ આયોજન કરવું પડશે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સંપન્ન થયેલી આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભારતીય દળ દ્વારા કુલ ૮૫ મેડલ જીતવામાં આવ્યા હતા, જેમાં ૨૧ ગોલ્ડ મેડલ પણ સામેલ હતા.જો કે, આ એકંદરે પ્રદર્શન અગાઉના એશિયન ગેમ્સના મુકાબલે થોડું નબળું સાબિત થયું હતું કારણ કે ચીનના હાંગઝોઉમાં યોજાયેલા પાછલા સંસ્કરણમાં ભારતે કુલ ૧૦૬ મેડલ પોતાના નામે કરીને ઈતિહાસ રચ્યો હતો, જેની તુલનામાં આ વખતે મેડલોની સંખ્યા ઘટી હતી.આ બેઠકના અંતમાં તમામ રમતોના રાષ્ટ્રીય મહાસંઘોને એક અત્યંત સ્પષ્ટ અને કડક સંદેશ આપવામાં આવ્યો છે કે દેશના પ્રતિભાશાળી ખેલાડીઓની યોગ્ય તાલીમ અને સગવડો માટે હવે પૂરતા સંસાધનો અને આર્થિક સહાય ઉપલબ્ધ છે, તેથી ભવિષ્યમાં કોઈપણ આંતરરાષ્ટ્રીય મંચ પર ખરાબ પ્રદર્શન થાય તો તે ચલાવી લેવામાં આવશે નહી.

# વાલોડના શાકિબ ઘાંચીએ રાજ્યકક્ષાની વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો

## ૬૦ કિલોગ્રામ વજન કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી શાળા અને વાલોડ પંથકનું ગૌરવ વધાર્યું



વાલોડ, પ્રતિનિધિઃ રાજકોટ ખાતે તાજેતરમાં યોજાયેલી ૭૦મી રાજ્યકક્ષાની SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) અન્ડર-૧૯ વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં વાલોડની શ્રી સ.ગો. હાઈસ્કૂલ અને ડી.એન. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી ઘાંચી શાકિબ રઈશભાઈએ ૬૦ કિલોગ્રામ વજન કેટેગરીમાં સુવર્ણચંદ્રક (ગોલ્ડ મેડલ) જીતીને શાળા સહિત સમગ્ર વાલોડ પંથકનું નામ રોશન કર્યું છે.

રાજ્યકક્ષાની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં શાકિબે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં શાળા પરિવારમાં આનંદની લાગણી પ્રસરી છે. શાકિબની આ સફળતા તેની સતત મહેનત, શિસ્તબદ્ધ તાલીમ અને રમત પ્રત્યેના સમર્પણનું પરિણામ છે.

શાકિબની આ સિદ્ધિ પાછળ તેના કોચ રવિ બાગેલનું માર્ગદર્શન અને તાલીમ મહત્ત્વપૂર્ણ રહ્યાં છે. કોચના માર્ગદર્શન હેઠળ નિયમિત અભ્યાસ અને સખત પરિશ્રમ કરીને શાકિબે રાજ્યકક્ષાએ પોતાની પ્રતિભા સાબિત કરી છે.

વિદ્યાર્થીની સફળતા બદલ શાળાના આચાર્યશ્રીએ આનંદ અને ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, શાકિબની આ સિદ્ધિ શાળા અને સમગ્ર વાલોડ પંથક માટે ગૌરવની બાબત છે. તેની મહેનત અને કોચના માર્ગદર્શનથી પ્રાપ્ત થયેલી આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે. શાકિબ આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ સફળતા મેળવી ગુજરાત અને શાળાનું નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

શાકિબે રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધારતાં શાળાના આચાર્યશ્રી, વાલોડ વિભાગ કેળવણી મંડળના હોદ્દેદારો, સમગ્ર સ્ટાફ, કોચ રવિ બાગેલ, પરિવારજનો અને રમતગમતપ્રેમીઓએ તેને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# ક્રિકેટર સૂર્યકુમાર યાદવે દુબઈમાં ખરીદ્યું આલીશાન ઘર

## બોલિવૂડ કિંગ શાહરૂખ ખાનના બન્યા પડોશી, પત્ની સાથે શેર કર્યો વીડિયો

ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક બેટર અને 'મિસ્ટર ૩૬૦ ડિગ્રી' તરીકે જાણીતા સૂર્યકુમાર યાદવ મેદાન પર પોતાના તોફાની અંદાજ માટે જાણીતા છે. પોતાની આક્રમક બેટિંગથી વિરોધી ટીમના બોલરોના છક્કા છોડાવનારા સૂર્યા આ વખતે કોઈ મેચને કારણે નહીં, પરંતુ એક ખાસ રોકાણને લઈને ચર્ચામાં આવ્યા છે. સૂર્યકુમારે રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું રોકાણ કરતાં દુબઈમાં એક અત્યંત લક્ઝુરિયસ ઘર ખરીદ્યું છે. સૌથી રસપ્રદ વાત એ છે કે આ નવા ઘર સાથે તેઓ હવે બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનના પડોશી બની ગયા છે.

સૂર્યકુમાર યાદવે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કરીને આ ખુશખબર ફેન્સ સાથે વહેંચી છે. આ વીડિયોમાં સૂર્યા પ્રોપર્ટીના દસ્તાવેજો પર સહી કરતા જોવા મળે છે. આ ખાસ પળે તેમની પત્ની દેવિશા શેટ્ટી પણ સાથે હાજર હતી અને બંને દસ્તાવેજો પર સાઈન કરતી વખતે હળવી પળો માણતાં નજરે પડ્યાં હતાં.

સૂર્યકુમારે આ પ્રોપર્ટી જાણીતા રિયલ એસ્ટેટ ગ્રૂપ 'ડેન્યૂબ પ્રોપર્ટીઝ' પાસેથી ખરીદી છે. દુબઈમાં રોકાણ કરવા અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ''અમે અહીં આઈપીએલ (IPL) રમ્યા હતા. હું ૨૦૧૪માં પહેલીવાર અહીં આવ્યો હતો અને ત્યારબાદ ૨૦૨૦માં પણ આવ્યા હતા. અત્યારે આખું ભારત જાણે દુબઈ તરફ વળી રહ્યું છે. અહીંની લક્ઝરી અને જીવનશૈલી સાચે જ અદભુત છે. ભારતમાં સલામતી છે જ, પરંતુ દુબઈ પણ સેફ્ટીની બાબતમાં ઉત્કૃષ્ટ સ્થળ છે. અહીં આવીને ખૂબ જ શાંતિ અને આનંદનો અહેસાસ થાય છે.''

પોસ્ટના કેપ્શનમાં સૂર્યાએ વિગત આપતાં લખ્યું હતું કે, ''મને એ જણાવતાં અત્યંત આનંદ થાય છે કે મેં #ShahrukhzResidencesbyDanube માં રોકાણ કર્યું છે. દુબઈ મેરીટાઈમ સિટીના મધ્યમાં સ્થિત આ એક પ્રીમિયમ, વોટરફ્રન્ટ રેસિડેન્સ છે.''

તેમણે ઉમેર્યું હતું કે, ''અહીં મળતી ૪૦થી વધુ પ્રીમિયમ સુવિધાઓ શાનદાર છે જ, પરંતુ મારું દિલ જે બાબતે જીત્યું છે તે છે અહીંનો 'લોન્જેવિટી લાઉન્જ'. કોઈ રેસિડેન્શિયલ પ્રોજેક્ટમાં આવી સુવિધા મેં પહેલીવાર સાંભળી છે.''

ઉલ્લેખનીય છે કે, ડેન્યૂબ ગ્રૂપ દુબઈમાં 'શાહરૂખ્સ રેસિડેન્સ' નામથી એક અલ્ટ્રા-પ્રીમિયમ પ્રોજેક્ટ વિકસાવી રહ્યું છે. આ જ વૈભવી બિલ્ડિંગમાં સૂર્યકુમાર યાદવે પોતાનું નવું સરનામું બનાવ્યું છે, જેને કારણે હવે તેઓ બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પડોશી બન્યા છે. સોશિયલ મીડિયા પર ફેન્સ અને ક્રિકેટ જગતના દિગ્ગજો સૂર્યા અને દેવિશાને આ નવા ઘર માટે શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.







PM નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં એશિયન ગેમ્સ ૨૦૨૬ના મેડલિસ્ટ ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે કહ્યું કે એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકીએ ગોલ્ડ મેડલ જીતીને ૪૪ વર્ષની રાહનો અંત લાવ્યો છે. ખેલાડીઓની સફળતા એ દેશની સફળતા છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા કરતી સુરત કોર્ટ

## બાંધકામના ધંધામાં રોકાણ અર્થે આપેલા રૂપિયાનો ચેક રીટર્ન થતા કેસ કરાયો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

ચેક રિટર્નના કેસમાં સુરતની નામદાર કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ખાનગી ફોજદારી કેસ નં. ૧૧૩૧૯/૨૦૨૩ માં કોર્ટે આ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદી વરસાણી ટ્રેડર્સના પ્રોપરાયટર ચંદુભાઈ જગદીશભાઈ વરસાણી અને આરોપી ભાવીનભાઈ વજુભાઈ લાખાણી એકબીજાને સારી રીતે ઓળખે છે. આરોપી ફરિયાદીની પત્નીની માસીનો દીકરો (માસીયાય સાળો) થાય છે અને છેલ્લા બાર વર્ષથી સંબંધ ધરાવે છે.

ફરિયાદીએ પોતાના સાળા એવા આરોપીના બાંધકામના ધંધામાં રોકાણ કરવા રૂ. ૯,૫૦,૦૦૦ આપ્યા હતા. બાદમાં પોતાના હિસ્સાના નાણા પરત માંગતા આરોપીએ નાણા ચૂકવ્યા નહીં. ત્યારબાદ ભાગીદારી પેઢીમાંથી લેવાના થતા નાણાની જવાબદારી આરોપીએ સ્વીકારી હતી અને તે પૈકી રૂ. ૪,૫૭,૫૩૭ ની પરત ચુકવણી પેટે આરોપી ભાવીનભાઈ લાખાણીએ પોતાના બેંકનો ચેક આપી નોટરી વકીલ રૂબરૂ બાંહેધરી કરાર કરી આપ્યો હતો.

સદર ચેક ફરિયાદીએ બેંકમાં ભરતા વણસ્વિકાર્યે પરત ફર્યો હતો. જે અંગે લીગલ ડિમાન્ડ નોટિસ મોકલવા છતાં પાલન ન થતા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ નામ. કોર્ટ સુરતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં એડવોકેટ શ્રી આર.બી. મેંદપરા તથા મેહુલ બોઘરા તથા અશ્વીન રાખોલીયા મારફતે ફરિયાદ ચલાવવામાં આવી હતી. કોર્ટે બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળી તા. ૧૨/૧૦/૨૦૨૬ ના રોજ આરોપી ભાવીનભાઈ વજુભાઈ લાખાણીને ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરી છે. સાથે જ ફરિયાદ વાળા ચેકની કુલ રકમ રૂ. ૪,૫૭,૫૩૭ નું ૯% સામાન્ય વ્યાજ ચૂકવવા હુકમ કરેલ છે અને તેમ કરવામાં કસુર કરે તો વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખતી સેસન્સ કોર્ટ

## ચેક પર સહિ હોય તો કાયદેસરની જવાબદારી પેટે ચેક આપ્યાનું માની લેવાનુ: મૂળ ફરિયાદી તરફે દલીલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

મિત્રતામાં કરેલી ચાર લાખની મદદ સામે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં રાંદેરના રીક્ષા ચાલકને એક વર્ષની સજા અને વળતરનો ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખી સેશન્સ કોર્ટે અપીલ ફગાવી દીધી છે.

આ કેસની વિગત એવી છે કે, રાંદેર, રામનગરમાં રહેતા કમ્પ્યુટર ઓપરેટર વિનોદ દાફડાએ મિત્રતાના સંબધોમાં સ્થાનિક વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક શેખ મોહંમદ હૈદરને વર્ષ ૨૦૨૨ માં રૂ.૪ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેના બદલામાં પાર્ટ પેમેન્ટ પેટે તેણે રૂપિયા અઢી લાખનો ચેક આપતા રિટર્ન થયો હતો. જેથી વિનોદે એડવોકેટ અશ્વિન જોગડિયા મારફતે કોર્ટમાં મોહંમદ હૈદર વિરૂદ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ મુજબ ફરિયાદ કરી હતી.

આ મામલે ટ્રાયલ કોર્ટે વર્ષ ૨૦૨૪ માં આરોપીને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદ તથા ચેકની રકમનું વળતર અને વળતર ન ચૂકવે તો વધુ ૨ મહિનાની કેદની સજા ફટકારી હતી. જેથી આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી સજાના હુકમને પડકાર્યો હતો. દરમિયાન મૂળ ફરિયાદી તરફે એડવોકેટ જોગડિયાએ દલીલ કરી હતી કે, ચેકમાં આરોપીની સહી છે અને નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૨૦ મુજબ ચેક પર સહિ હોય તો કાયદેસરની જવાબદારી પેટે ચેક આપ્યાનું માની લેવાનુ હોય છે. જે દલીલ માન્ય રાખીને આરોપીની અપીલ કોર્ટે ફગાવી દઈ કોર્ટે તેના જામીન રદ કર્યા હતા.



યશવી નવરાત્રી દ્વારા ગાયિકા પૂર્વા મંત્રીએ ખેલૈયાઓને પાંચમાં દિવસે મન મૂકીને ડોલાવ્યા હતા. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# સુરતની દીકરીઓ યોગાસનમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાને

## એન્જલ પટેલ અને યાશી ગજ્જીવાળાએ Artistic Pair અને Rhythmic Pair બંને વિભાગમાં પ્રથમ ક્રમ મેળવી સુરતનું ગૌરવ વધાર્યું

સુરત, તા.૧૬

સુરત શહેરની લોર્ડ્સ કોન્વેન્ટ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ એન્જલ પટેલ અને યાશી ગજ્જીવાળાએ રાજ્ય કક્ષાની યોગાસન સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને સુવર્ણ સફળતા પ્રાપ્ત કરી છે. ભુજ-કચ્છ ખાતે યોજાયેલી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા (SGFI) અંતર્ગતની યોગાસન સ્પર્ધામાં બંને ખેલાડીઓએ Artistic Pair અને Rhythmic Pair બંને વિભાગમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ જીત્યા છે. બંને વિદ્યાર્થીનીઓએ પોતાની મહેનત, શિસ્ત, એકાગ્રતા અને ઉત્કૃષ્ટ પ્રદર્શનથી સુરત શહેર તથા પોતાની શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિથી શાળા પરિવાર અને રમતગમત ક્ષેત્રે આનંદની લાગણી પ્રસરી છે. બંને પ્રતિભાશાળી ખેલાડીઓને તેમની આ ભવ્ય સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે તથા ભવિષ્યમાં પણ તેઓ વધુ ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.



# વાલોડમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે રૂ. ૧૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

સુરત, તા.૧૬

વાલોડ તાલુકામાં એમ.એમ.જી.એસ.વાય., વનબંધુ કલ્યાણ યોજના, આઈ.સી.ડી.એસ. અને એમ.કે.કે.વાય. યોજના અંતર્ગત મંજૂર થયેલા વિવિધ વિકાસલક્ષી કામોનો સ્થળ ઉપર પૂજા વિધિ તથા લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે તાપી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ચંચળબેન ડી. ચૌધરીની ઉપસ્થિતિમા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી મોહનભાઈ ઢોડિયાના હસ્તે અંદાજિત રૂ. ૧૩ કરોડના ૨૨ વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ. ૧.૨૮ કરોડના ખર્ચે ડુમખલ ટુ કુંભિયા વિલેજ રોડ, રૂ. ૧.૧૩ કરોડના ખર્ચે ભીમપોર ડુંગરી ફળિયા ટુ હથુકા મેઈન રોડ અને રૂ. ૧.૧૦ કરોડના ખર્ચે વાલોડ કોસંબીયા કુંભિયા મોરદેવી સી.સી. રોડ જેવા મુખ્ય રસ્તાના મોટા કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અંધાત્રી ખાતે રૂ. ૬૦ લાખના ખર્ચે સાંસ્કૃતિક ભવન અને કુંભિયા ખાતે રૂ. ૫૦ લાખના ખર્ચે લાઈબ્રેરી જેવા મહત્વના સુવિધાપથ કામો પણ મંજૂર કરી ગ્રામજનોને અર્પણ કરાયા હતા. આ ઉપરાંત અંધાત્રી સ્મશાનભૂમિ સી.સી. રોડ (રૂ. ૮૮ લાખ), અંધાત્રી પહાડ ફળિયા રોડ (રૂ. ૮૨ લાખ), કણજોડ મેઈન રોડથી આશ્રમ ફળિયા રોડ (રૂ. ૯૨.૪૦ લાખ) અને રાનવેરી કણજોડ ફળિયાના રસ્તા જેવા અનેક મહત્વના માર્ગોનું કામ પણ હાથ ધરાયું છે. તદુપરાંત ડુમખલ ખાતે પુર સંરક્ષણ દિવાલ (રૂ. ૪૯.૮૬ લાખ), ચેકડેમ કમ કોઝવે (રૂ. ૩૮.૮૬ લાખ), સબ સેન્ટર (રૂ. ૪૫ લાખ) અને ગોડધા ખાતે હળપતિ આવાસ (રૂ. ૩૯.૧૦ લાખ) જેવા વિવિધ વિકાસકામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ અને બાળ કલ્યાણ ક્ષેત્રે પણ વિશેષ ધ્યાન આપતાં અંધાત્રી-૨ ખાતે નવી આંગણવાડી (રૂ. ૧૬ લાખ), અધ્યાપોર પ્રાથમિક શાળામાં વર્ગખંડ (રૂ. ૧૯ લાખ), કુંભિયા પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ (રૂ. ૬.૯૮ લાખ) તેમજ ભીમપોર પ્રાથમિક શાળા એપ્રોચ રોડ જેવા કામો હાથ ધરીને સ્થાનિક બાળકો અને વિદ્યાર્થીઓને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરાયો છે. આ તમામ બુનિયાદી કામોથી વાલોડ તાલુકાના અંતરિયાળ વિસ્તારોની કનેક્ટિવિટી વધશે અને સ્થાનિક લોકજીવન વધુ સુવિધાજનક બનશે. આ પ્રસંગે, વાલોડ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ધીરેનભાઈ બી. ગામીત, જિલ્લા પંચાયત સભ્યો શ્રી અશોકભાઈ એન. ચૌધરી અને શ્રી અતુલભાઈ બી. પટેલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી જ્યોત્સનાબેન પી. આહિર સહિત વિવિધ ગામોના સરપંચશ્રીઓ, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### દિલ્હીમાં સીજેપીની

પહેલા પાનાનું ચાલુ

બીજી તરફ દીલ્હી હાઈકોર્ટે સેન્ટ્રલ પાર્કની તિરંગા યાત્રા સામે 'સ્ટે' આપવા ઈન્કાર કરી દીધા છે.

હાઈકોર્ટ સાથે પોલીસની એ ખાતરીને પણ રેકર્ડ પર લીધી કે પરીસ્થિતિ નિયંત્રણમાં રાખવા તમામ શકય પગલા લેવાશે. જો કે કોકરોચની તિરંગા યાત્રા પુર્વે જ મોડી રાત્રી કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડીયા (એનએસયુઆઈ) એ સંસદ માર્ગે પોલીસ સ્ટેશન સામે મહિલા કાર્યકર્તાઓની મારપીટ તથા પોલીસના ગેરવર્તન સામે દેખાવો શરૂ કરતા ધમાચકડી મચી ગઈ હતી. દિલ્હી પોલીસે આ ઉપરાંત કોકરોચ જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પર માર્કર મુકી દીધા છે તથા તેઓની કોઈ પણ સમયે અટકાયત પણ થઈ શકે છે.

### રાહુલ દેશના યુવાનોને

પહેલા પાનાનું ચાલુ

રીતે સત્તા મેળવવાની તેમના કાવતરાનો એક ભાગ છે.

કોંગ્રેસના ઈતિહાસનાં પાનાંમાં અનેક કાળા અધ્યાય- રાજનાથે કહ્યું- કોંગ્રેસના ઈતિહાસનાં પાનાંમાં અનેક કાળા અધ્યાયો જોવા મળશે. કોંગ્રેસે ચૂંટણી પંચ અને ચૂંટણી પ્રક્રિયાને કઠપૂતળી બનાવીને રાખી હતી. ૧૯૯૩માં રાતોરાત ૨ નવા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરી દેવામાં આવી. તત્કાલીન મુખ્ય ચૂંટણી કમિશનરે ચૂંટણી કમિશનર નવીન ચાવલાને હટાવવા માટે રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો. કોંગ્રેસે નવીન ચાવલાને બચાવ્યા અને પછી તેમને મુખ્ય ચૂંટણી કમિશનર બનાવી દીધા.

ચૂંટણી કમિશનર એમ.એસ. ગિલ કોંગ્રેસ સરકારમાં મંત્રી બન્યા- રાજનાથે કહ્યું- કોંગ્રેસના શાસન દરમિયાન નિયુક્ત ચૂંટણી કમિશનર એમ.એસ. ગિલ કોંગ્રેસ સરકારમાં મંત્રી બન્યા હતા. ૫ દાયકા સુધી મતદાર ઓળખપત્ર વિના ચૂંટણીઓ યોજાતી હતી. જ્યારે મતદાર ઓળખપત્ર આવ્યું ત્યારથી કોંગ્રેસ માટે બહુમતી મેળવવી દૂરની વાત બની ગઈ છે. કોંગ્રેસે ક્યારેય બહુમતીની સરકાર બનાવી નથી. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને ૧૯૮૫માં છેલ્લી જીત મળી હતી.

રાહુલનો હાઈડ્રોજન બોમ્બ દિવાળીના ફટાકડા જેટલો પણ સાબિત ન થયો- રાજનાથે કહ્યું- રાહુલે વોટ ચોરીને હાઈડ્રોજન બોમ્બ ગણાવી હતી, પરંતુ તે દિવાળીના ફટાકડા જેટલો પણ સાબિત થયો નહીં. કોંગ્રેસે મતદાર યાદી અંગે કોર્ટમાં સત્તાવાર અપીલ કરી નથી. ભાજપે ક્યારેય ચૂંટણી વ્યવસ્થા પર શંકા કરી નથી. બંધારણીય સંસ્થાને બદનામ કરીને જનતાને ગેરમાર્ગે દોરી નથી.

રાજીવ ગાંધીની હત્યા બાદ સમગ્ર દેશમાં ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી- રાજનાથે કહ્યું- રાજીવ ગાંધીની હત્યા બાદ સમગ્ર દેશમાં ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી. જોગવાઈ એવી હતી કે કોઈ ઉમેદવારના મૃત્યુને કારણે માત્ર તે બેઠકની ચૂંટણી સ્થગિત થાય, પરંતુ સમગ્ર દેશમાં ચૂંટણી સ્થગિત કરી દેવામાં આવી. જ્યારે સત્ય એ છે કે તે સમયે અમેઠીની ચૂંટણી યોજાઈ ગઈ હતી.

### કોંગ્રેસ વિદ્યાર્થી

પહેલા પાનાનું ચાલુ

જાખડના જણાવ્યા મુજબ, ત્યાં તેમના પર જૂતાં અને બૂટથી હુમલો કરવામાં આવ્યો. તેમણે કહ્યું, "અમે અહીં માત્ર ફ્રૈંઇ નોંધાવવાની માંગણી લઈને આવ્યા છીએ, પરંતુ DCP ન તો અમારી સાથે વાત કરી રહ્યા છે અને ન તો અમારી વાત સાંભળી રહ્યા છે. શું પોતાની મહિલા કાર્યકર્તાઓ માટે ન્યાય માંગવો ગુનો છે?"

### રશિયાના કામચટકામાં

પહેલા પાનાનું ચાલુ

લગભગ ૧૨:૩૬ વાગ્યે જારી કરવામાં આવ્યું હતું. તેમાં હોક્કાઇડોથી તોકાઈ વિસ્તાર સુધી ભારે આંચકા આવવાની ચેતવણી આપવામાં આવી હતી.

NHK મુજબ, જાપાન હવામાન એજન્સીએ બપોરે ૧૨:૪૮ વાગ્યે ચેતવણી રદ કરી દીધી. એજન્સીએ જણાવ્યું કે ભૂકંપની તીવ્રતાનો અંદાજ જરૂર કરતાં વધુ લગાવવામાં આવ્યો હતો.યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (USGS)ના આંકડા અનુસાર, ૨૦૨૫માં કામચાટકામાં ૧૨૦૦થી વધુ ભૂકંપ નોંધાયા હતા.આમાંથી મોટાભાગના નાના-મોટા (મેગ્નિટ્યૂડ ૨.૦થી ૪.૦ વચ્ચેના) હતા, પરંતુ ૪.૦ કે તેથી વધુ તીવ્રતાના ૧૫૦થી વધુ ભૂકંપ આવ્યા હતા. આ વિસ્તારમાં ગયા વર્ષે ૭.૦ કે તેથી વધુ તીવ્રતાના ૩ મોટા ભૂકંપ નોંધાયા હતા.

વર્ષ ૨૦૨૫નો સૌથી વિનાશક ભૂકંપ જુલાઈમાં રશિયાના કામચાટકામાં આવ્યો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૮ માપવામાં આવી હતી. આ છેલ્લા ૧૦ વર્ષનો સૌથી મોટો આંચકો હતો. તેનાથી ઘણા દેશો પ્રભાવિત થયા. આ ભૂકંપ સમુદ્રી વિસ્તારમાં આવ્યો હોવાથી વધુ વિનાશ થયો નહીં.

### સાઉદીના મોંઘા હથિયારો

પહેલા પાનાનું ચાલુ

સાઉદી અરેબિયાની નિયમિત સેનામાં આશરે ૨.૫ લાખ સૈનિકો છે. જ્યારે નેશનલ ગાર્ડમાં આશરે ૧.૨૫ લાખ સૈનિકો છે. નેશનલ ગાર્ડ સેનાથી અલગ છે. તેમાં એવા કબીલાઓના લોકોને ભરતી કરવામાં આવતા રહ્યા છે, જેમને સાઉદી રાજપરિવારના વફાદાર માનવામાં આવે છે.

સેનામાં સુધારા માટે મોહમ્મદ બિન સલમાને ૨૦૧૮માં ઘણા વરિષ્ઠ સૈન્ય અધિકારીઓને હટાવ્યા. રિયાધમાં સંયુક્ત સૈન્ય કમાન્ડ બનાવવાની દિશામાં પણ પગલાં લેવામાં આવ્યા, જેથી સેનાના અલગ-અલગ એકમો વચ્ચે તાલમેલ વધુ સારો થઈ શકે.

જોકે, સેનાની કાર્યશૈલી બદલવી સરળ નથી. આધુનિક હથિયારો સાથે તેમને ચલાવવાની તાલીમ, ઝડપથી નિર્ણયો લેવાની ક્ષમતા અને વધુ સારો તાલમેલ પણ જરૂરી છે.

### ડિસેમ્બર મહિનામાં

પહેલા પાનાનું ચાલુ

લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય.આ પ્રવાસની જાહેરાત પહેલાં જ કેનેડાના આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંત્રી મનીન્દર સિંહ સિદ્ધુના નેતૃત્વ હેઠળ અંદાજે ૩૦૦ વેપારી પ્રતિનિધિઓનું મોટું દળ 'ટીમ કેનેડા ટ્રેડ મિશન' ભારતના પ્રવાસે આવ્યું છે.આ ઉપરાંત, કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ પણ નવી દિલ્હીની મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે પીએમ મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે બેઠક યોજીને સહિયારી પ્રાથમિકતાઓને આગળ ધપાવવા પર ચર્ચા કરી હતી.સોશિયલ મીડિયા પર આ વાર્તાલાપ અંગે માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત અને કેનેડા સાથે મળીને વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણમાં યોગદાન આપી રહ્યાં છે.

વાતચીત દરમિયાન બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની ભૂ-રાજકીય પરિસ્થિતિ અને ઉર્જા તથા કૃષિ ક્ષેત્રે ભરોસાપાત્ર ભાગીદારોની જરૂરિયાત પર પણ પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતાં.

### અમેરિકાની શાળામાં

પહેલા પાનાનું ચાલુ

રેલ એલિમેન્ટરી સ્કૂલમાં કિન્ડરગાર્ટનથી પાંચમા ધોરણ સુધી અભ્યાસ થાય છે. શાળામાં આશરે ૪૫૦ વિદ્યાર્થીઓ અને ૪૦ કર્મચારીઓ છે.

ઓરેગનની ગવર્નર ટીના કોટેટે હુમલાખોરને રોકનાર સ્થાનિક નાગરિક સાથે પણ વાત કરી. ગવર્નરે તે નાગરિકની પ્રશંસા કરતાં કહ્યું કે તેણે બહાદુરીપૂર્વક લોકોના જીવ બચાવ્યા.

### સનદી અધિકારીઓએ

પહેલા પાનાનું ચાલુ

વિવાદ વધતાં વાની પણ જવાબ આપતાં સંભળાયાં કે તમે ભાડમાં જાઓ. બેનિશ ૨૦૧૫ બેચની જમ્મુ-કાશ્મીર વહીવટી સેવા (JKAS)ની અધિકારી છે.

# ચેક રિટર્ન કેસમાં દોષિત આરોપીને એક વર્ષની કેદ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬

અમરોલી વિસ્તારમાં શ્રી આરાધના અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાંથી ધંધાકીય લોન લઈ ચેક બાઉન્સ કરાવનાર આરોપીને કોર્ટે તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. મળતી માહિતી મુજબ, શ્રી આરાધના અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ પાસેથી અમરોલીના સાયણ રોડ સ્થિત લોયાધામ હોમ્સ ખાતે રહેતા ૪૫ વર્ષીય ડાયમંડ વેપારી રાજુ મોહન પાલડીયાએ ધંધાકીય હેતુ માટે રૂ. ૨ લાખની જાત જામીનગીરી ધિરાણ લોન લીધી હતી. લોનની ભરપાઈ પેટે ૨.૦૬ લાખનો ચેક આપ્યો હતો.જે ચેક રિટર્ન થયો હતો. જેથી એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે સોસાયટીએ રાજુ પાલડીયા વિરૂદ્ધ કેસ કર્યો હતો. કોર્ટે રાજુ પાલડીયાને ૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી.

# ચેક રિટર્ન કેસમાં ભાવિન લાખાણીને એક વર્ષની સજા કરતી અદાલત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬

બાંધકામ ધંધામાં રોકાણના નાણા પરત ચૂકવણી પેટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે આરોપીને સજા ફટકારી હતી સુરતના વરસાણી ટ્રેડર્સના પ્રોપ્રાયટર ચંદુ વરસાણીએ પોતાના સંબંધિ અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા ભાવિન વજુ લાખાણીને ધંધામાં રોકાણ માટે રૂ. ૯,૫૦,૦૦૦ આપ્યા હતા. બાદમાં પોતાના નાણાં પરત માગતા, ભાગીદારી પેઢીમાંથી લેણી નીકળતી રકમ પૈકી રૂ. ૪,૫૭,૫૩૭ ચૂકવવાની જવાબદારી સ્વીકારી આરોપી ભાવિનએ ચેક તથા નોટરી રૂબરૂ બાહેંધરી કરાર કરી આપ્યો હતો. આ ચેક બેંકમાંથી પરત ફરતા સુરત કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો. ફરિયાદી તરફથી વકીલો આર.બી. મેંદપરા, મેહુલ બોઘરા અને અશ્વિન રાખોલિયા હતા. કોર્ટે આરોપી ભાવિનને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. ઉપરાંત, ચેકની રકમ પર ૯% વ્યાજ ચૂકવવા અને કસૂર કરે તો વધુ ૩ માસની કેદનો હુકમ કર્યો છે.

વિડિયો અનુસાર, રંજને પોતાના કાર્યાલયના અધિકારીઓને બેનિશના સસ્પેન્શનનો આદેશ તૈયાર કરવા કહ્યું. રંજને બેનિશ પર કામમાં પરિણામો ન આપવાનો આરોપ લગાવ્યો.

તેમણે સવાલ ઉઠાવ્યો કે તેમના વિભાગને કામ પૂરું કરવા માટે ફ્રઈન્સ્ની મદદ શા માટે લેવી પડી રહી છે. તેમણે કહ્યું કે જો આ કામ NRLMને જ કરવાનું હતું, તો તેની જવાબદારી સહાયક નિયામકને શા માટે સોંપવામાં આવી.

### હર્ષ સંઘવીના

પેજ-૨ પાનાનું ચાલુ

લેબોરેટરી તપાસ, રસીકરણ, કુટુંબ નિયોજન અને આયુષ્માન કાર્ડ સંબંધિત સેવાઓ ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત મહુવા તાલુકાના મિયાપુર અને વડિયા સહિતના ગામોમાં ગ્રામ પંચાયત ભવનો તેમજ બારડોલી, માંગરોળ, પલસાણા અને ઓલપાડ તાલુકાઓમાં વિવિધ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરાશે. જેનાથી ગ્રામ્ય વહીવટી કામગીરી, બાળવિકાસ અને જાહેર સેવાઓ વધુ સુદૃઢ બનશે.

ડિજીટલ કલાસરૂમ્સ ઓન વ્હીલ'

ગ્રામ્ય સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ડિજિટલ શિક્ષણ અને કમ્પ્યુટર તાલીમ મળી રહે એ માટે 'ટોયોટા ઈ-કક્ષા બસ' (હરતી-ફરતી એજ્યુકેશન બસ) સુરત જિલ્લાના પાંચ બ્લોકમાં ફરશે. આ બસ ડિજિટલ વર્ગખંડ તરીકે કાર્ય કરશે. મોબાઈલ ક્લાસરૂમના માધ્યમથી કમ્પ્યુટર શિક્ષણ અપાશે. જેથી વિદ્યાર્થીઓને તાલીમ માટે અન્ય સ્થળે મુસાફરી કરવાની જરૂર નહી પડે. દર મહિને આશરે ૧૦ થી ૧૫ સરકારી શાળાના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

સંપૂર્ણ વાતાનુકૂલિત મોબાઈલ કમ્પ્યુટર બસમાં દરેક બેચમાં ૨૦ વિદ્યાર્થીઓને તાલીમ અપાશે. દરેક વિદ્યાર્થી માટે અલગ કમ્પ્યુટરની સુવિધા રહેશે. મૂળભૂત કમ્પ્યુટર કોર્સ ૧૪ ડિજિટલ પીરિયડ દ્વારા અપાશે. બે પ્રશિક્ષિત ઈન્સ્ટ્રક્ટર, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સ્માર્ટ બોર્ડ અને ધો.૮ સાથે અભ્યાસ સામગ્રીના ઉપયોગથી વિદ્યાર્થીઓને કમ્પ્યુટર શિક્ષણ આપશે. વિદ્યાર્થીઓની શીખવાની પ્રગતિ માપવા વ્યક્તિગત પ્રી-અસેસમેન્ટ અને પોસ્ટ-અસેસમેન્ટ કરવામાં આવશે. કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાશે.

### સ્મીમેરના

પેજ-૨ પાનાનું ચાલુ

તપાસ) કેમ્પ: ખાસ કરીને મહિલાઓ અને મોટી ઉંમરના લોકો માટે હાડકાંની મજબૂતાઈ માપવા માટેનો બીએમડી (મ્સ્ઢ) કેમ્પ યોજાયો હતો. જેમાં ૪૫ લોકોના હાડકાંની મફત તપાસ કરી યોગ્ય કેલ્શિયમ અને વિટામિનની સલાહ તથા દવાઓ આપવામાં આવી હતી.

આજ રોજ તા. ૧૫/૧૦/૨૦૨૬ નારોજ કુલ ૧૭૪૩ દર્દીઓએ વિનામુલ્યે સારવારનો લાભ લીધેલ અને કુલ રૂ. ૨,૨૭,૩૮૩/- ની બીલ માફી કરવામાં આવેલ.

# ગુજસીટોકના બે જુદા જુદા ગુનાના બે આરોપીઓના જામીન મંજૂર થયા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬

સુરત કોર્ટે અલગ-અલગ ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા બે આરોપીના જામીન મંજૂર કર્યા હતા. ટ્રેનમાં મુસાફરોની નજર ચૂકવી ચોરી કરતી સંગઠિત સાંસી ગેંગના મુખ્ય સૂત્રધારને સુરત કોર્ટે જામીન ઉપર મુક્ત કર્યા હતા. કરોડોના સાયબર ફ્રોડ અને ગુજસીટોકના ગુનામા જેલમા બંધ આરોપીને સુરત કોર્ટે જામીન આપ્યા હતા. આ કેસની વિગત એવી છે કે, સુરત રેલવે સ્ટેશન પર સાંસી ગેંગનો આતંક હતો. આ ગેંગનો લીડર સની ઉર્ફે ગન્ની નરેશકુમાર સાંસી હતો. સાંસી ગેંગ ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરોની નજર ચૂકવી તેમની કિંમતી ચીજ વસ્તુઓની ચોરી કરતી હતી. સુરત રેલવે પોલીસે સાંસી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં જેલમાં બંધ સનીએ વકીલ પી.ટી.રાણા મારફતે જામીન અરજી કરી હતી. કોર્ટે મંજૂર કરી હતી. અન્ય બનાવમાં અડાજણ ગેલ ટાવર પાસે દિપક આવાસમાં રહેતા ખંજન ઉર્ફે પ્રિન્સ કનુ મયાત્રા સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડ અને ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો. ખંજન અને સહ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં લોકોને ઠગી ઈન્ટરનેટ બેંકીગ મારફતે કેનેરા બેંકના કુલ ૨૬૧ એકાઉન્ટસમાં સાયબર ફ્રોડના રૂ.૭૭.૫૫ કરોડથી વધુની રકમ જમા કરાવી કરોડોનો ફ્રોડ કર્યો હતો. આ ગુનામાં જેલમાં બંધ ખંજને વકીલ વિરલ ચલીઆવાલા મારફતે જામીન અરજી કરી હતી. જે સુરત કોર્ટે મંજૂર કરી હતી.

### શ્રી માર્કંડેય

પેજ-૨ પાનાનું ચાલુ

ઉત્તરોત્તર પ્રગતિ કરે અને જરૂરિયાત મંદ સભ્યોને લોનની સુવિધા આપી આર્થિક રીતે મદદ કરે. સભ્યોની સંખ્યામાં વધારો કરે તેમજ જરૂર પડે તો દરેક રીતે સહાયતા આપવાનો વચન સાથે કાર્યાલયને નવી ટેકનોલોજીથી બનાવવા બદલ અભિનંદન આપ્યું હતું.આ પ્રસંગે કોર્પોરેટર શ્રી સંજયભાઈ પાટીલ, કવિતાબેન એનાગંદુલા, જયેશ ચાંદેકર, સોસાયટી પ્રમુખ શ્રી વિશ્વનાથમ ગુંડું, મહામંત્રી શ્રી નરસિંહ અરકાલ, ડિરેક્ટર નંદાલા દુર્ગય્યા, દેવેન્દ્ર ગજવેલી, સૂર્યનારાયણ દાસરી, બીપીન તગારીવાલા, સત્યનારાયણ કેરમ કુંડા, સંદીપ ગદ્દે, ગોવિંદ અરકાલ,વેણુ મેકલા,મેનેજર શ્રીમતી લક્ષ્મી કોન્ડા, તેલુગુ સમાજના આગેવાનો શ્રી દાસરી શ્રીનિવાસ, શ્રીગોને સોમૈયા, પ્રમુખ શ્રી શ્રીનિવાસ, મહામંત્રી શ્રી તુમ્મા રમેશ,અર્બન સોસાયટીના સભ્યો, બેંકના સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમનું સંચાલન લીંબાયત વોર્ડ, ભાજપના મહામંત્રી શ્રી રાપોલુ બુચી રામુલુએ કર્યું હતું.

### અંકલેશ્વર ઓએનજીસી

પેજ-૨ પાનાનું ચાલુ

સિંઘ,ખજાનચી સંજયસિંઘ પરિહાર સહિતના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

દશેરાના ઉત્સવના સાતથી નવ દિવસ અગાઉથી જ શરૂ થતી રામલીલાની દિવ્ય લીલાઓ અને મંચન આસપાસના લાખો દર્શકો માટે પરમ આકર્ષણનું કેન્દ્ર બને છે. આ ભવ્ય પર્વની તૈયારીઓ માટે ઝઘડિયા તથા આસપાસના કુશળ કારીગરો દ્વારા છેલ્લા ૪૦ દિવસથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવીને કદાવર પૂતળાઓનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. આ વર્ષે આકાશને સ્પર્શતા ૫૧ ફૂટ ઉંચા રાવણ તેમજ પ્રત્યેક ૫૦ ફૂટની ઊંચાઈ ધરાવતા કુંભકર્ણ અને મેઘનાદના રાક્ષસી પૂતળાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ કદાવર પૂતળાઓને આકાર આપવા માટે ૪૦૦થી વધુ વાંસ, ૫૦૦ મીટર કાપડ, ૧૫૦ કિલો કાગળ અને અન્ય વિશિષ્ટ સામગ્રીનો બારીકાઈથી ઉપયોગ કરવામાં આવ્યો છે, જે કારીગરોની અદ્ભુત કલાકારીગરીની સાક્ષી પૂરે છે.

રામલીલા સમિતિના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા પૂતળા નિર્માણની આ કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.જેથી આયોજનમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ન રહે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ ભવ્ય ઉત્સવ માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી, પરંતુ આજની આધુનિક યીહઢ પેઢીને આપણી સનાતન સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને ધાર્મિક મૂલ્યો સાથે જોડવા માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ બની રહે છે. સુવર્ણ જયંતી વર્ષના આ ઐતિહાસિક રાવણ દહન મહોત્સવને નિહાળવા માટે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડશે અને અંકલેશ્વરની ધરા "જય શ્રી રામ" ના નારાઓથી ગુંજી ઉઠશે.

### છેલ્લા પાનાનું ચાલુ

### નિયોલ

સ્ટ્રીપના રોલ ચોરી કરી ગયો હતો. આ ચોરી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે સાત વાગ્યા પહેલાંના કોઈપણ સમયે થઈ હોવાનું જણાવાયું છે.

ચોરાયેલા સામાનમાં ૫૦ બાય ૬ મિલીમીટરની કોપર સ્ટ્રીપના આશરે ૩૨ મીટર લાંબા બે રોલ, ૩૦ બાય ૩ મિલીમીટરની આશરે ૪૦ મીટર લાંબી એક રોલ, ૨૫ બાય ૩ મિલીમીટરની આશરે ૧૯૦ મીટર લાંબી બે રોલ તથા ૨૦ બાય ૨ મિલીમીટરની આશરે ૧૦૦ મીટર લાંબી એક રોલનો સમાવેશ થાય છે. આમ, કુલ આશરે ૫૮૦ મીટર લાંબી કોપર સ્ટ્રીપના છ રોલની કિંમત રૂ.૩ લાખ જેટલી થવા જાય છે. ઘટના અંગે પંકજકુમાર ઝાએ પોલીસને જાણ કરતાં ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે સાત વાગ્યે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ચોરી કરનાર શખસની ઓળખ હજી સુધી થઈ નથી. પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી ચોરાયેલા તાંબાના સામાન અંગે તપાસ શરૂ કરી છે.

### પલસાણામાં ક્રેન

દરમિયાન હાથ-પગ ધોવાની જગ્યાથી આશરે દસ ફૂટ દૂર લાઈટનું બોર્ડ આવેલું હતું. તે વખતે અર્થિંગના કારણે પંકજને કરંટ લાગતાં તે ગંભીર રીતે અસરગ્રસ્ત થયો હતો.

બનાવ બાદ પંકજને તાત્કાલિક સારવાર માટે સંજીવની હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે મા ક્રેન સર્વિસમાં વ્યવસાય કરતા પલવિન્દરસિંગ બલવિન્દરસિંગ બાગલ (ઉંમર ૩૩, રહે. અવધ સંગ્રેલા, બલેશ્વર ગામ, તા. પલસાણા)એ જાણ કરતાં પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે થયેલા મૃત્યુ અંગેની કાર્યવાહી હાથ ધરી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# નાનપુરાના પ્રકાશચંદ્ર કાપડિયાને ૨૪ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી રૂા.૪૧ લાખ પડાવી લેવાયા

## રૂા.૧૨૨ કરોડ કૌભાંડમાં સંડોવણી હોવાનું જણાવી મુંબઈ પોલીસ, રીઝર્વમાં અધિકારીના નામે સાયબર ફ્રોડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરમાં સાયબર ઠગબાજોએ પોલીસ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના અધિકારીઓ હોવાની ખોટી ઓળખ ધારણ કરીને નાનપુરામાં રહેતા એક વ્યક્તિને મની લોન્ડરિંગના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી રૂ.૪૧ લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગબાજોએ ફરિયાદીને ડિજિટલ એરેસ્ટનો ભય બતાવી તેમના આધારકાર્ડ, બેંક ખાતાં અને ૧૯ ફિક્સ ડિપોઝિટની વિગતો મેળવી હતી. ત્યારબાદ બે અલગ-અલગ બેંક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

નાનપુરા, ટીમલીયાવાડમાં કદમ ભવનની સામે આવેલા મોક્ષભદ્ર ફ્લેટમાં રહેતા પ્રકાશચંદ્ર ચંપકલાલ કાપડિયાને ગત ૪ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન અજાણ્યા શખસોએ નિશાન બનાવ્યા હતા. શરૂઆતમાં એક અજાણી મહિલાએ ફોન કરીને પોતાનું નામ રાધા કપૂર હોવાનું અને ટેલિકોમ કંપનીમાંથી બોલતી હોવાનું જણાવ્યું હતું. ફરિયાદીના આધારકાર્ડનો ઉપયોગ કરીને ચાર બેંક ખાતાં ખોલવામાં આવ્યાં હોવાની અને તે ખાતાં મારફતે રૂ.૧૨૨ કરોડનું કૌભાંડ થયું હોવાની વાત કરી તેમને ડરાવ્યા હતા. ત્યારબાદ અન્ય શખસે વોટ્સએપ વીડિયો કોલ કરીને પોતે મુંબઈ પોલીસનો અધિકારી હોવાનું જણાવી ફરિયાદીને મની લોન્ડરિંગના ગુનામાં સંડોવવાની ધમકી આપી હતી. આ રીતે ઠગબાજોએ ફરિયાદી પાસેથી આધારકાર્ડ, બેંક ખાતાં અને કુલ ૧૯ ફિક્સ ડિપોઝિટની રૂ.૪૨.૬૨ લાખથી વધુની રકમ અંગેની વિગતો મેળવી હતી.

આ પછી સંજય સિંહ નામ ધારણ કરનાર શખસ સહિત અન્ય લોકોએ વોટ્સએપ મેસેજ અને વીડિયો કોલ મારફતે સંપર્ક કર્યો હતો. આરોપીઓએ મુંબઈ પોલીસ તથા રિઝર્વ બેંકના અધિકારીઓ તરીકે ઓળખ આપીને આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા અને બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ સુબ્રાતો સેનગુપ્તાના નામે બનાવટી લેટરહેડ, સહીઓ, સિક્કા અને લોગો ધરાવતા દસ્તાવેજો મોકલ્યા હતા. મની લોન્ડરિંગ નિવારણ કાયદા હેઠળ તપાસ ચાલી રહી હોવાનું જણાવી ડિજિટલ એરેસ્ટનો ભય ઊભો કર્યો હતો.

ફરિયાદીની બેંકમાં રહેલી રકમની તપાસ અને ચકાસણી કર્યા બાદ નાણાં પરત આપી દેવાની ખોટી ખાતરી આપીને ઠગબાજોએ વિશ્વાસ સંપાદન કર્યો હતો. ત્યારબાદ ઈન્ડસઈન્ડ બેંકના ખાતામાં રૂ.૩૦.૫૦ લાખ અને ઉત્કર્ષ બેંકના ખાતામાં રૂ.૧૦.૫૦ લાખ, એમ કુલ રૂ.૪૧ લાખ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવ્યા હતા. રકમ મેળવ્યા બાદ તપાસ ચાલુ હોવાનું કહી આરોપીઓ ફરિયાદીને સતત સંપર્કમાંરુ રાખતા હતા. જોકે, નાણાં પરત ન મળતાં અને આરોપીઓએ વોટ્સએપ કોલ ઉપાડવાનું બંધ કરી દેતાં છેતરપિંડી થયાની જાણ થઈ હતી. આ અંગે પ્રકાશચંદ્ર કાપડિયાએ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખસો અને નાણાં જમા થયેલાં બેંક ખાતાંના સંચાલકો સહિત સંડોવાયેલા અન્ય લોકો સામે તપાસ હાથ ધરી છે.






**પ્રકાશ પર્વ દિવાળી અને છઠપૂજા મહોત્સવ માટે સુરતમાં કામ-ધંધા અર્થે વસવાટ કરતા પરપ્રાંતિય લોકો મોટી સંખ્યામાં પોતાના વતન તરફ પ્રયાણ કરશે. મોટા ભાગે ઉધના રેલવે સ્ટેશન પરથી ટ્રેન પકડવા હજારો મુસાફરોની ભીડ ઉમટતી હોવાથી પશ્ચિમ રેલવે તંત્ર દ્વારા રેલ મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. રેલવે તંત્રએ ઊભી કરેલી સુવિધાથી હજારો મુસાફરોને ભારે રાહત થશે અને વધુ પડતી ભીડથી યાત્રીઓને છૂટકારો મળશે. (તસવીર : પ્રદીપ ગોહિલ)**

# ભારત માલા એક્સપ્રેસ વે પર ટ્રકમાંથી ૨૫ નંગ ટાયરની ચોરી

## હલધરૂ ગામની સીમમાં રોડની સાઈડમાં ઉભેલી ટ્રકને તસ્કરોએ નિશાન બનાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના હલધરૂ ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ વે પર પાર્ક કરેલી ટ્રકમાંથી રૂ.૧.૭૫ લાખની કિંમતનાં ૨૫ ટાયરની ચોરી થયાની ઘટના સામે આવી છે. અમદાવાદથી મુંબઈ તરફ જતા માર્ગ પર રેસ્ટ એરિયા પહેલાં રોડની સાઈડમાં ઊભેલી અશોક લેલેન્ડ કંપનીની ટ્રકમાંથી અજાણ્યા ચોરો ટાયર ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે ૧૫ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે. મૂળ હરિયાણાના હિસાર જિલ્લાના ડોબી ગામના વતની અને હાલ વડોદરા શહેરમાં ડુમાડ ચોકડી પાસે યોગેશ્વર પેટ્રોલ પંપ નજીક જય માતાજી કોમ્પ્લેક્સમાં રહેતા ૩૨ વર્ષીય વિકાસ ક્રિસનકુમાર ચૌધરીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, હલધરૂ ગામની સીમમાં અમદાવાદથી મુંબઈ તરફ જતા ભારતમાલા એક્સપ્રેસ વે પર રેસ્ટ એરિયા પહેલાં રોડની સાઈડમાં અશોક લેલેન્ડ કંપનીની ગાડી નંબર ડી.એન.-૦૯-ક્યૂ-૯૮૧૩ પાર્ક કરવામાં આવી હતી. આ ટ્રકમાં કુલ ૧૩૦ ટાયર ભરેલાં હતાં. ગત ૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૨.૩૦થી વહેલી સવારે ૪.૩૫ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા શખસે ટ્રકમાંથી ૨૫ ટાયરની ચોરી કરી હતી. ચોરાયેલા ટાયરની કુલ કિંમત રૂ.૧,૭૫,૦૦૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ટ્રકમાં ભરેલા ટાયરમાંથી આટલી મોટી સંખ્યામાં ટાયર ગાયબ થતાં ચોરીનો બનાવ સામે આવ્યો હતો. આ મામલે જયશંકર ગણેશ ચૌધરી (ઉં.વ. ૫૦), હાલ રહે. સીલવાસા, દાદરા અને નગર હવેલી તથા અન્ય અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ત્રણ વાગ્યે ફરિયાદ જાહેર થતાં પોલીસે ચોરીમાં સંડોવાયેલા શખસોની ઓળખ મેળવવા અને ચોરાયેલા ટાયરનો પત્તો લગાવવા વધુ તપાસ હાથ ધરી છે.

# વેસુના ગ્લોબલ ગરબા વિલેજમાં ખેલૈયાઓની ભીડ બેકાબૂ

## અતિશય ભીડને નિયંત્રિત કરવામાં આયોજકો-પોલીસને પરસેવો છૂટ્યો, કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ?

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરતના વેસુ વિસ્તારમાં આયોજિત ગ્લોબલ ગરબામાં ગઈકાલે ખેલૈયાઓની મોટી સંખ્યામાં ભીડ ઉમટી પડતાં વ્યવસ્થા જાળવવામાં આયોજકો અને પોલીસને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગરબામાં ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો, પરંતુ બીજી તરફ અચાનક વધેલી ભીડને નિયંત્રિત કરવા બાઉન્સરો અને પોલીસ કર્મચારીઓને પરસેવો છૂટી ગયો હતો. મેદાનમાં ઉમટેલા લોકોની સંખ્યા જોઈને એક તબક્કે ગ્લોબલ ગરબાના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા.



મળતી વિગતો મુજબ, ગરબાના મેદાનમાં તેની ક્ષમતા કરતાં વધુ લોકો એકત્ર થઈ જતાં વ્યવસ્થા ખોરવાવાની સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને મુખ્ય પ્રવેશદ્વાર પર ખેલૈયાઓની ભીડ વધી જતાં ધક્કામુક્કી જેવો માહોલ ઊભો થયો હતો. મોટી સંખ્યામાં લોકો એકસાથે પ્રવેશવાનો પ્રયાસ કરતા ભીડને નિયંત્રિત કરવી પડકારજનક બની હતી. પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે બાઉન્સરો અને પોલીસ કર્મચારીઓએ ભીડને વ્યવસ્થિત કરવાની કવાયત કરવી પડી હતી.

બીજી તરફ, પાર્કિંગની અવ્યવસ્થાને કારણે પણ ગરબામાં આવનારા ખેલૈયાઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાહનો પાર્ક કરવા અને સ્થળ સુધી પહોંચવામાં મુશ્કેલી પડતાં અનેક લોકોને અટવાવાનો વારો આવ્યો હતો. ગરબાના આયોજનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટે ત્યારે પ્રવેશદ્વાર, બહાર નીકળવાના માર્ગો અને પાર્કિંગની પૂરતી વ્યવસ્થા કેટલી જરૂરી છે તે આ ઘટનાએ ફરી એકવાર ઉજાગર કર્યું છે. ખેલૈયાઓના ઉત્સાહ વચ્ચે ભીડનું યોગ્ય સંચાલન અને સુરક્ષાની વ્યવસ્થા જાળવવી આયોજકો માટે મોટો પડકાર બની હતી.

# દુકાનદારના ખાતામાંથી આપમેળે રૂા.૨.૬૦ લાખ ટ્રાન્સફર થયા

## કરચેલિયાના મહાલક્ષ્મી પ્રોવિઝન સ્ટોરના માલિક ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત જિલ્લાના મહુવા તાલુકાના કરચેલીયા ગામમાં સાયબર ઠગબાજોએ એક વેપારીના બેંક ખાતામાંથી તેમની જાણ બહાર રૂ.૨.૬૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધાની ઘટના સામે આવી છે. હટવાડા ફળિયામાં રહેતા અને મહાલક્ષ્મી પ્રોવિઝન નામે કરિયાણાની દુકાન ચલાવતા ૬૫ વર્ષીય વેપારીને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ મામલે મહુવા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. કરચેલીયા ગામના હટવાડા ફળિયામાં રહેતા ભુપેન્દ્રકુમાર કેશવલાલ મોતીરામ ભાવસાર (ઉં.વ. ૬૫) વેપાર કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની મહાલક્ષ્મી પ્રોવિઝન નામની કરિયાણાની દુકાન છે. ફરિયાદ મુજબ, ગત ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨.૪૦ વાગ્યાથી ૧૪ ઓગસ્ટના રોજ સવારે ૭.૨૩ વાગ્યા સુધીના સમયગાળામાં કોઈ અજાણ્યા શખસે તેમના મોબાઈલ ફોન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને છેતરપિંડી આચરી હતી. આરોપીએ વેપારીના એચડીએફસી બેંકના ખાતા નંબર ૦૨૦૯૧૦૦૦૦૯૧૫૭૬માંથી તેમની જાણ બહાર ઓનલાઈન વ્યવહારો કરીને કુલ રૂ.૨,૬૦,૦૦૦ અન્યત્ર ટ્રાન્સફર કરી લીધા હતા. ખાતામાંથી નાણાં કપાઈ જતાં વેપારી સાથે છેતરપિંડી થયાનું સામે આવ્યું હતું. જોકે, આ નાણાં કઈ રીતે અને કોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતાં તે અંગેની વિગતો તપાસનો વિષય છે.

# ડીડોલી કેનાલ રોડ પરથી રૂ.૮.૪૭ લાખના ગાંજા સાથે બે ઝડપાયા

## ૧૬ કિલોથી વધુ ગાંજાનો જથ્થો જપ્ત, માલ સપ્લાય કરનાર ગૌરવ તિવારી ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત શહેરમાં નશાના કારોબાર સામે કાર્યવાહી કરતાં ડીડોલી પોલીસે મધુરમથી ચલથાણ કેનાલ રોડ પર આનંદ વાટિકા સોસાયટી તરફ જતા રસ્તા પરથી ગાંજાના જથ્થા સાથે બે યુવકોને ઝડપી પાડ્યા છે. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓ પાસેથી ૧૬.૧૫૧ કિલોગ્રામ ગાંજો, મોબાઈલ ફોન અને મોટરસાઈકલ સહિત કુલ રૂ.૮.૪૭ લાખથી વધુની મત્તા કબજે કરવામાં આવી છે. જ્યારે બંને આરોપીઓને ગાંજાનો જથ્થો સપ્લાય કરનાર ગૌરવ તિવારી પોલીસના હાથે લાગ્યો નથી.

ડીંડોલી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.એચ. મસાણીને મળેલી બાતમીના આધારે પોલીસે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૧.૩૦થી સાંજના ૬ વાગ્યા દરમિયાન મધુરમથી ચલથાણ કેનાલ રોડ પર આનંદ વાટિકા સોસાયટી તરફ જતા જાહેર રસ્તા પર તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગીરીશ ઉર્ફે બાડો ધનાભાઈ મારવાડી (ઉં.વ. ૧૮), હાલ રહે. પુણા પાટિયા ખાતે ઈન્ડિયન પેટ્રોલ પંપની સામે બ્રિજ નીચે, મૂળ નરોડા, અમદાવાદ અને વિકાસ ઉર્ફે ભૈયો સોમાભાઈ વાસફોડીયા (ઉં.વ. ૨૧), રહે. હળપતિવાસ, લેન્ડમાર્કની સામે, મગોબ ગામ, પુણા, સુરત, મૂળ પેથાપુર, ગાંધીનગરને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે બંને આરોપીઓ પાસેથી ગેરકાયદે રીતે કબજામાં રાખેલો ૧૬.૧૫૧ કિલોગ્રામ પ્રતિબંધિત વનસ્પતિજન્ય ગાંજો, જેની કિંમત રૂ.૮,૦૭,૫૫૦ થાય છે, તે જપ્ત કર્યો હતો. આ ઉપરાંત રૂ.૧૦ હજારની કિંમતનો એક મોબાઈલ ફોન, રૂ.૩૦ હજારની કિંમતની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ, રોકડા રૂ.૫૦ અને બે ખાલી સ્કૂલબેગ સહિત કુલ રૂ.૮,૪૭,૬૦૦ની મત્તા કબજે કરવામાં આવી હતી. ગાંજાના પેકિંગ માટે ઉપયોગમાં લેવાતી સેલોટેપ અને પ્લાસ્ટિકની ખાલી પેકિંગ સામગ્રી પણ મળી આવી હતી. પોલીસ તપાસમાં બંને આરોપીઓને ગાંજાનો જથ્થો ડીંડોલી વિસ્તારમાં આવેલી આનંદ વાટિકા સોસાયટીના મકાન નંબર ૧૦૩માં રહેતા ગૌરવ તિવારીએ આપ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે, ગૌરવ તિવારી પોલીસને મળી આવ્યો ન હોવાથી તેને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# વેદાંત ઈન્ડસ્ટ્રીઝમાંથી ડ્રેસ, ચણિયા ચોળીના પાર્સલો ચોરાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરમાં ચોરીની ઘટનાઓ વચ્ચે અમરોલી વિસ્તારમાં આવેલી વેદાંત ઈન્ડસ્ટ્રીઝમાંથી લેડીઝ ડ્રેસ, ચણીયા ચોળી, કોસ્મેટિક્સ અને લેસપટ્ટાના કુલ ૧૨૦ પાર્સલની ચોરી થયાની ઘટના સામે આવી છે. બર્ગમેન મોપેડ પર આવેલા બે અજાણ્યા શખસો અંદાજે રૂ.૨ લાખથી વધુની કિંમતનો સામાન ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પાર્સલના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોરોની શોધખોળ શરૂ કરી છે. અમરોલીના કોસાડ આવાસ એચ-૨માં બિલ્ડિંગ નંબર ૧૩૪/બી/૩માં રહેતા ૨૫ વર્ષીય મોઈનુદ્દીન મુસા તલાટીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વેદાંત ઈન્ડસ્ટ્રીઝ વી-૨, પ્લોટ નંબર ૩૧ના ગ્રાઉન્ડ ફ્લોર પરથી ગત ૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યાના અરસામાં ચોરી થઈ હતી. અહીં એકત્ર કરીને રાખવામાં આવેલા વિવિધ પ્રકારના પાર્સલ બર્ગમેન મોપેડ પર આવેલા બે અજાણ્યા શખસો ચોરી કરીને લઈ ગયા હતા. ચોરાયેલા સામાનમાં લેસપટ્ટાનાં ૨૫ પાર્સલની કિંમત રૂ.૨૪,૬૨૫, મહિલાઓના થ્રી-પીસ ડ્રેસનાં ૬૦ પાર્સલની કિંમત રૂ.૧.૩૮ લાખ, કોસ્મેટિક સામાનનાં ૧૫ પાર્સલની કિંમત રૂ.૧૧,૭૩૦ અને ચણીયા ચોળીનાં ૨૦ પાર્સલની કિંમત રૂ.૨૬ હજાર આંકવામાં આવી છે. આમ, કુલ ૧૨૦ પાર્સલની કિંમત રૂ.૨,૦૦,૩૫૫ થાય છે. ઘટનાને પગલે ફરિયાદીએ તપાસ કર્યા બાદ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ અંગે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧.૨૫ વાગ્યે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે બર્ગમેન મોપેડ પર આવેલા બંને અજાણ્યા શખસો સામે ચોરીનો ગુનો નોંધી તેમની ઓળખ મેળવવા અને ચોરાયેલો સામાન કબજે કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરોલીના મકાનમાં ગેરકાયદે રાખેલો ફટાકડાનો જથ્થો પકડાયો

## લાયસન્સ અને ફાયર સેફ્ટીના સાધનો વગર વર્ધમાન સોસાયટીના મકાનમાં ફટાકડા સંગ્રહિત કરનારની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

દિવાળીના તહેવાર પહેલાં સુરતના અમરોલી વિસ્તારમાં રહેણાક મકાનમાંથી ગેરકાયદે રીતે સંગ્રહ કરાયેલા રૂ.૧.૩૧ લાખથી વધુની કિંમતના ફટાકડાનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. છાપરાભાઠા રોડ પર કનૈયાડેરીની પાછળ આવેલી વર્ધમાન સોસાયટીના એક મકાનમાં કોઈપણ જાતનાં સુરક્ષાનાં સાધનો વિના વિસ્ફોટક ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે એક શખસને ઝડપી પાડ્યો છે, જ્યારે ફટાકડાનો જથ્થો પૂરો પાડવામાં મદદ કરનાર અન્ય શખસને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અ.હે.કો. કરણસિંહ ચંદ્રસિંહ સહિતની ટીમે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે છાપરાભાઠા રોડ પર આવેલી વર્ધમાન સોસાયટીના મકાન નંબર ૦૪માં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન મકાનમાં અલગ-અલગ કંપનીના ફટાકડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી રૂ.૧,૩૧,૦૫૦ની કિંમતનો ફટાકડાનો જથ્થો કબજે કરી વિશાલભાઈ રમણભાઈ દેવીપુજક (ઉં.વ. ૨૫)ની ધરપકડ કરી હતી. આરોપી આ જ મકાનમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ તપાસમાં ફટાકડાનો જથ્થો મેળવવામાં કાપોદ્રા વિસ્તારમાં મરઘા કેન્દ્ર પાસે રહેતા અનિલકુમાર જૈનનો હાથ હોવાનું સામે આવ્યું છે. જોકે, અનિલકુમાર પોલીસને મળી આવ્યો ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, રહેણાક મકાનમાં જરૂરી પાસ-પરમિટ વિના અને આગ કે અન્ય દુર્ઘટના સમયે ઉપયોગમાં લઈ શકાય તેવાં સુરક્ષાનાં સાધનો રાખ્યા વગર વિસ્ફોટક ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આ પ્રકારનો બેદરકારીભર્યો સંગ્રહ આસપાસ રહેતા લોકોના જીવને જોખમમાં મૂકી શકે તેમ હતો. પોલીસે ફટાકડાનો જથ્થો કબજે કરીને આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ શરૂ કરી છે.

# નિયોલમાં બુલેટ ટ્રેન ડેપોમાં રૂ.3 લાખની કોપર સ્ટ્રીપની ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના નિયોલ ગામની સીમમાં બુલેટ ટ્રેન ડેપો પાસે ખુલ્લી જગ્યામાંથી આશરે રૂ.૩ લાખની કિંમતની તાંબાની કોપર સ્ટ્રીપની ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યો ચોર આશરે ૫૮૦ મીટર લાંબી કોપર સ્ટ્રીપના કુલ છ રોલ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે પલસાણા પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે અજાણ્યા ચોરની શોધખોળ માટે તપાસ હાથ ધરી છે.

મૂળ બિહારના અરરિયા જિલ્લાના ભરગામા વિસ્તારના જયનગરના વતની અને હાલ પલસાણા તાલુકાના અંતરોલી ગામે જગદંબા પેલેસમાં રહેતા ૪૯ વર્ષીય પંકજકુમાર નંદકિશોર ઝાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, નિયોલ ગામની સીમમાં આવેલા બુલેટ ટ્રેન ડેપો પાસે ખુલ્લી જગ્યામાંથી અજાણ્યો શખસ કોપર

અનુસંધાન પાના ૭ પર

# લોખાત હોસ્પિટલના ડો. સાદ કાનુગા પર ત્રણ જણાનો હુમલો

## લાલમીયા મસ્જીદ પાસે વાહન અથડાવી ડોક્ટરને માર મારી ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરતના રામપુરા વિસ્તારમાં વાહન અથડાવાની તકરારમાં લોખાત હોસ્પિટલના ડોક્ટર સાદ કાનુગા પર ત્રણ અજાણ્યા ઈસમોએ હુમલો કરી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતાં લાલગેટ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

મળતી વિગતો અનુસાર, અડાજણ પાટીયા વિસ્તારમાં રહેતા અને લાલગેટ સ્થિત લોખાત હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સેવા આપતા સાદ મકસુદ કાનુગા તારીખ ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે આશરે આઠેક વાગ્યે પોતાની આઈ-૨૦ કાર લઈને નોકરી પરથી ઘરે જવા નીકળ્યા હતા. લાલગેટ રામપુરા લાલમિયા મસ્જિદ આગળ જાહેર રોડ પર ભારે ટ્રાફિક હોવાથી તેઓ કાર ધીમી ચલાવી રહ્યા હતા. તે સમયે બે અજાણ્યા ઈસમોએ કારના કાચ પર હાથ મારી કાર રોકાવી હતી. ડોક્ટર કારમાંથી બહાર ઉતરતાં જ "અમારી પાર્ક કરેલી મોપેડને કેમ ટક્કર મારીને પાડી દીધી, જોઈને ચાલ" તેમ કહી ગાળો આપવા લાગ્યા હતા. તે દરમિયાન વધુ એક અજાણ્યો ઈસમ ત્યાં આવી પહોંચ્યો હતો. આ ત્રણેય ઈસમોએ ડોક્ટર સાદને પકડી પાડી ઢીક-મુક્કીનો માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

રોડ પરથી પસાર થતા રાહદારીઓ એકઠા થઈ જતાં તેઓએ ડોક્ટરને વધુ મારમાંથી બચાવ્યા હતા, જેથી હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ એક રાહદારી ઈજાગ્રસ્ત ડોક્ટરને સારવાર માટે લોખાત હોસ્પિટલ લઈ આવ્યો હતો. બનાવ અંગે ડોક્ટર સાદ કાનુગાની ફરિયાદના આધારે લાલગેટ પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉદ્યોગોને વિજ કાપની ચેતવણી

## વિજ ઉત્પાદન માટે કોલસાનો જથ્થો પર્યાપ્ત યાત્રામાં ઉપલબ્ધ કરાવવા ઉદ્યોગ જગતની માંગ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

ગુજરાત રાજ્યમાં ૧૮ વર્ષ બાદ વિજળીની અછત સંદર્ભે ઉદ્યોગ પર વીજ કાપનું સંકટ સર્જાતા સામી દિવાળીએ ઉદ્યોગ જગતમાં ચિંતા વ્યાપી ગઈ છે

કોલસાની વૈશ્વિક અછત અને મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસરોને કારણે થર્મલ પાવર પ્લાન્ટમાં વીજ ઉત્પાદન પર દબાણ ઊભું થયું છે. આ અંગે સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્રમુખ મયૂર ગોલવાલાએ જણાવ્યું હતું કે કોલસાની અછત સહિતના પરિબળોને કારણે વીજ ઉત્પાદન પૂરતા પ્રમાણમાં થઈ શકતું નથી. ખાસ કરીને સાંજના સમયે વીજળીની માંગ વધતી હોવા છતાં ઉત્પાદન ઘટતાં વીજ પુરવઠાને જાળવી રાખવામાં મુશ્કેલી ઊભી થાય છે. તેમણે જણાવ્યું હતું કે સાંજે ૪થી રાત્રે ૧૨ વાગ્યા સુધીના સમયગાળામાં વીજ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે સોલાર વીજળીનું ઉત્પાદન થતું હોવાથી વીજ પુરવઠાને ટેકો મળે છે, પરંતુ સાંજે સૂર્યાસ્ત બાદ સોલાર વીજ ઉત્પાદન ઘટી જતાં વીજળીની અછત વધુ વર્તાય છે. રાત્રે ૧૨ વાગ્યા સુધી આ સ્થિતિની અસર જોવા મળી શકે છે. વીજ ઉત્પાદન અને માંગ વચ્ચેનું અંતર વધતાં વીજ પુરવઠાના સંચાલનમાં મુશ્કેલી સર્જાય છે. મયૂર ગોલવાલાના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ માત્ર સુરત કે દક્ષિણ ગુજરાત પૂરતી મર્યાદિત નથી, પરંતુ અન્ય શહેરોમાં પણ આવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. વીજ ઉત્પાદન માટે પૂરતા પ્રમાણમાં કોલસો ઉપલબ્ધ થાય અને થર્મલ પાવર પ્લાન્ટની કામગીરી સામાન્ય બને તો વીજ પુરવઠાની સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

# પલસાણામાં ક્રેન સર્વિસમાં કરંટ લાગતા કારીગરનું મોત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત જિલ્લાના પલસાણામાં નેશનલ હાઈવે-૪૮ પર ડીસેન્ટ હોટેલની બાજુમાં આવેલી 'મા ક્રેન સર્વિસ'ની ઓફિસ પાસે કરંટ લાગવાથી ૧૯ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. ક્રેન ધોયા બાદ હાથ-પગ ધોતી વખતે યુવકને વીજપ્રવાહ લાગતાં આ દુર્ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, બિહારના સિવાન જિલ્લાના સુલતાનપુર તાલુકાના અંદર ગામનો વતની પંકજકુમાર શિવપૂજન યાદવ (ઉંમર ૧૯) હાલ પલસાણામાં ઉમિયા ઓટો મોબાઈલ બિલ્ડિંગમાં રહેતો હતો. ગત ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૯:૪૦ વાગ્યે તે પલસાણામાં નેશનલ હાઈવે-૪૮ પાસે આવેલી મા ક્રેન સર્વિસની ઓફિસ નજીક ક્રેન ધોયા બાદ પંપથી હાથ-પગ ધોઈ રહ્યો હતો. આ

અનુસંધાન પાના ૭ પર

**પશ્ચિમ રેલવે**

**સામાન્ય પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ**

મુંબઈ ડીવિઝનના સામાન્ય પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકસના સંચાલન અને જાળવણીના કરાર માટેના ઈ-ઓકશન માટે **એસીએમ(જી) એમએમસીટી-ઓકશન કેટલોગ નં. એમએમસીટી - પીએનયુટી-૨૬-૩૨ કરારનો પ્રકાર:** સામાન્ય કરાર કેટેગરી : પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ **સ્ટેશન અને સ્થળ:** નવા ટોઈલેટ બ્લોક્સ (એ) ઉધના સ્ટેશન ઉપર નવા પૂર્વ વિસ્તારમાં. **કરારની મુદત:** ૩ વર્ષ **ઈ-ઓકશનની તારીખ:** ૨૬.૧૦.૨૦૨૬ **ઓકશનનો સમય :** ૧૫.૦૦ કલાકે **નોંધ:** સંભવિત બીડરો અમારી ઈ-ઓકશન લીઝીંગ મોડયુલની મુલાકાત આઈઆરઈપીએસની વેબ સાઈટની **www.ireps.gov.in** મુલાકાત લઈ લોટ મુજબની કેટલોગ વાર વિગતો જોઈ શકશે. પ્રારંભિક કુલીંગ સમય ૩૦ મિનીટનો રહેશે.૧૦ મિનિટના વિરામ બાદ બીજા લોટની શરૂઆત થશે. લોટ મુજબ બંધ થવાનો સમય આઈઆરઈપીએસના ઈ-ઓકશન મોડયુલ ઉપર જોઈ શકાશે. 0706

અમને લાઈક કરો : facebook.com/WesternRly